અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ ઓક્ટોબર ૨૦૨૩, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ ત્રીજ

વર્ષ : ૧૫
અંક : ૮૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પ્રાઈવસી વિવાદ મામલે ફરી વોટ્સએપ પર તવાઈ શરૂ

# વોટ્સએપ પાસેથી મેસજ સોર્સની ફરી માહિતી માગતી કેન્દ્ર સરકાર

**વોટ્સએપે માહિતી આપવાનો ઈનકાર કરી દીધો, વોટ્સએપ કોઈપણ મેસેજના સોર્સની માહિતી આપે અથવા મેસેજને પહેલા કોણે મોકલ્યો, તેની જાણકારી સરકારને આપે**

। નવી દિલ્હી, તા.૧૬ ।

કેન્દ્ર સરકારે પ્રાઈવસી વિવાદ મામલે ફરી વોટ્સએપપર તવાઈ શરૂ કરી દીધી છે. સરકાર વર્ષ ૨૦૨૧થી વોટ્સએપની પ્રાઈવસી પોલિસી અંગે કંપની પાસેથી જવાબ માંગી રહી છે, જોકે આ મામલાનો હજુ સુધી કોઈ નિવેડો નિકળ્યો નથી, ત્યારે ૨૦૨૪ની ચૂંટણી પહેલા ફરી પ્રાઈવસી વિવાદ શરૂ થઈ ગયો છે. સરકારે ફરી વોટ્સએપપાસે મેસેજ સોર્સની માહિતી માંગી છે, જેને વોટ્સએપે દેવાનો ઈનકાર કરી દીધો છે. સરકારનું કહેવું છે કે, વોટ્સએપકોઈપણ મેસેજના સોર્સની માહિતી આપે અથવા મેસેજને પહેલા કોણે મોકલ્યો, તેની જાણકારી સરકારને જોઈએ.

વોટ્સએપનું કહેવું છે કે, આ બાબત યુઝર્સની પ્રાઈવસી પર હુમલો છે. જો વોટ્સએપના મેસેજનો સોર્સ જાહેર કરી દેવાયો તો એપ્સની પ્રાઈવસી ખતમ થઈ જશે. સરકાર દ્વારા દલીલ અપાઈ છે કે, ચૂંટણી દરમિયાન વોટ્સએપ દ્વારા નકલી, સ્પામ અને ખોટી માહિતી શેર થવાની વધુ સંભાવના છે, તેથી વોટ્સએપ એ આવી માહિતી ઉપલબ્ધ કરાવવી જોઈએ. વોટ્સએપનું કહેવું છે કે, તેના મેસેજો એન્ડ ટૂ એન્ડ એક્રિપ્ટેડ થાય છે અને તે મેસેજની માહિતી માત્ર ૨ લોકોને જ હોય છે, એક મોકલનાર અને બીજો જેને મેસેજ મળ્યો છે તેને જ હોય છે.

સરકાર આઈટીનિયમ ૨૦૨૧ હેઠળ, વોટ્સએપ પર નકલી, સ્પામ અને ખોટી માહિતી શેર કરનાર પ્રથમ યુઝર્સ કોણ છે, તેની માહિતી કંપની પાસેથી મેળવવા આદેશ આપી શકે છે. સરકારને ચૂંટણી દરમિયાન સૌથી વધુ ડીપફેક વીડિયો શેર થવાનો ડર છે. આ વિવાદ ૨૦૨૧થી દિલ્હી હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### રાજકીય પ્રચાર માટે સૈન્યનો ઉપયોગ ન કરવો જોઈએ : રમેશ



। નવી દિલ્હી, તા.૧૬ ।

કેન્દ્રની મોદી સરકાર સામે નિશાન તાકતાં કોંગ્રેસે કહ્યું કે પોતાના રાજકીય પ્રચાર માટે સૈન્યનો ઉપયોગ ન કરવો જોઈએ. આ કેન્દ્રનો વાહિયાત પ્રયાસ છે. કોંગ્રેસે આ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સમક્ષ આ મામલે હસ્તક્ષેપ કરવા માગ કરી હતી. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં એક મીડિયા રિપોર્ટમાં દાવો કરાયો હતો કે સૈન્ય દેશભરમાં સરકારી યોજનાઓના પ્રચારમાં મદદ કરશે. આ મામલે જ કોંગ્રેસે આ નિવેદન આપ્યું છે.

### ઈઝરાયલ-હમાસને યુએન અને ડબલ્યુએચઓ દ્વારા ખાસ અપીલ

। પેરિસ, તા.૧૬ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચેનું યુદ્ધ ગાઝાના નાગરિકોને ભારે પડી રહ્યું છે. ઈઝરાયલ દ્વારા સતત હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે. ઈઝરાયલના સૈન્યએ જમીની કાર્યવાહી કરવાની પણ ચેતવણી આપી છે ત્યારે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગ્યુટરેસ અને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ) ના પ્રમુખ ટેડ્રોસ એદનોમ ગેબ્રેસિયસે ઈઝરાયલ અને હમાસ બંનેને ખાસ અપીલ કરી હતી.

### એનસીપીના નેતાનું મોટું નિવેદન

## ભાજપની દેશના ઘણા ભાગોમાં રાજકીય શક્તિ ઘટી રહી છે : પવાર

**સત્તાનો સંપૂર્ણ દુરુપયોગ જ તેની ફોર્મ્યુલા છે, લોકોએ હવે તેમને સમર્થન આપવાનું બંધ કરી દીધું છે : પવાર**

। મુંબઈ, તા.૧૬ ।

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વડા શરદ પવારે કહ્યું હતું કે ભાજપની રાજકીય શક્તિ દેશના ઘણા ભાગોમાં ઘટી રહી છે અને "સત્તાનો સંપૂર્ણ દુરુપયોગ" જ તેનો ફોર્મ્યુલા છે. અહીં એનસીપીના હોદ્દેદારોની બેઠકને સંબોધતા પવારે એમ પણ કહ્યું હતું કે લોકોએ હવે તેમને સમર્થન આપવાનું બંધ કરી દીધું છે જે ભાજપ સાથે ગઠબંધન કરવા માગે છે. તેમણે કહ્યું, આ દેશની જનતા એવા લોકોની સાથે નથી જેઓ ભાજપ સાથે ગઠબંધન કરવા ઈચ્છે છે. આવા દૃશ્યો તમને ઓલ ઈન્ડિયામાં જોવા મળી જશે. તમે દેશનો નકશો



કાઢો અને જુઓ, દક્ષિણ ભારતના એક પણ રાજ્યમાં ભાજપ સત્તામાં નથી. પવારના ભત્રીજા અને વરિષ્ઠ એનસીપીનેતા અજિત પવાર આ વર્ષે જુલાઈમાં મહારાષ્ટ્રમાં શિવસેના-ભાજપ સરકારમાં આઠ ધારાસભ્યો સાથે જોડાઈ ગયા હતા. અજિત દાવો કરે છે કે તેમની પાસે એનસીપીના મોટાભાગના ધારાસભ્યોનું સમર્થન છે અને તેમણે પાર્ટીના નામ અને ચૂંટણી ચિન્હ પર પણ દાવો કર્યો છે.

### ઉત્તરાખંડમાં ફરી એકવાર ધરતી ધ્રૂજી

## પિથોરાગઢ જિલ્લામાં ૩.૧ની તીવ્રતાના ધરતીકંપના આંચકા

। પિથરાગઢ, તા.૧૬ ।

ઉત્તરાખંડમાં ફરી એકવાર ધરતી ધ્રૂજી રહી છે. ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં આજે સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. ભૂકંપના આંચકા અનુભવાતા જ લોકો ઘરની બહાર નીકળી સુરક્ષિત સ્થળો તરફ દોડી આવ્યા હતા. હાલ ભૂકંપના કારણે કોઈ જાનહાનિના સમાચાર નથી. ગઈકાલે દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. દિલ્હી-એનસીઆરમાં ગઈકાલે આવેલા ભૂકંપની તીવ્રતા ૩.૧ માપવામાં આવી હતી, જ્યારે ઉત્તરાખંડમાં આજે ભૂકંપની તીવ્રતા ૪ નોંધાઈ હતી. પૃથ્વીની અંદર કુલ સાત પ્લેટ છે. જે હંમેશા કાર્ય કરતી રહે છે. જ્યાં આ પ્લેટ્સ એકબીજા સાથે અથડાઈ છે તેને ફોલ્ટ ઝોન કહેવામાં આવે છે. જ્યારે આ પ્લેટો અથડાય છે, ત્યારે ઊર્જા બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે.

### કેરળ હાઈકોર્ટના જજે મોટી વાત કહી

## અમે ભગવાન નથી, હાથ જોડીને વાત ન કરશો : જસ્ટિસ પીવી કુન્હિક્રિષ્ન

। તિરૂવનંતપુરમ, તા.૧૬ ।

આપણને ઘણી વખત કોર્ટમાં જોવા મળે છે કે કોઈ વ્યક્તિ અથવા વકીલ હાજર થાય તો તે જજની સામે હાથ જોડીને પોતાનો કેસ રજૂ કરે છે. આ મામલાને લઈ કેરળ હાઈકોર્ટની ટિપ્પણી સામે આવી છે. કેરળ હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, કોર્ટમાં જજોની સામે હાથ જોડીને કેસ રજૂ કરવાની જરૂર નથી. હાઈકોર્ટનું કહેવું છે કે, અરજદારો અને વકીલોને કોર્ટ સમક્ષ કેસ રજૂ કરવાનો અધિકાર છે. કોર્ટે એમ પણ કહ્યું કે જજ તેમની બંધારણીય ફરજ બજાવી રહ્યા છે અને તેઓ ભગવાન નથી. તાજેતરમાં અરજદારો હાથ જોડીને અને આંખોમાં આંસુ સાથે કોર્ટમાં પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા જે બાદ કોર્ટે આ ટિપ્પણી કરી હતી. આ સુનાવણી જસ્ટિસ પીવી કુન્હિક્રિષ્ન દ્વારા કરવામાં આવી હતી.

### કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બે દિવસ માટે મિઝોરમના પ્રવાસે

## સરકારને ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં રસ, મણિપુરની ચિંતા નથી : રાહુલ

**ભાજપ વિવિધ સમુદાયો, ધર્મો અને સંસ્કૃતિઓ વચ્ચે હિંસા અને ઘમંડને પ્રોત્સાહન આપી રહ્યું હોવાનો કોંગ્રેસના નેતાનો આક્ષેપ**

। ઐઝવાલ, તા.૧૬ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજથી બે દિવસ માટે મિઝોરમના પ્રવાસે છે. એવામાં આજે તેમણે આઈઝોલમાં એક કાર્યક્રમને સંબોધતા મણિપુરમાં ચાલી રહેલી હિંસાનો ઉલ્લેખ કર્યો હતો. આ દરમિયાન તેમણે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતુ. વિધાનસભા ચૂંટણી પ હેલા આજે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી મિઝોરમ પહોંચ્યા હતા. તેમણે અહીંના કાર્યક્રમમાં મણિપુર હિંસાનો મુદ્દો ઉઠાવ્યો હતો. રાહુલ ગાંધીએ



ભાજપ પર મણિપુરના વિચારને નષ્ટ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, હું થોડા મહિના પહેલા મણિપુર ગયો હતો. ભાજપે મણિપુરના વિચારને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધા છે. ત્યાં લોકોની હત્યા થઈ રહી છે.

### અજીત પવાર અંગે પૂર્વ પોલીસ કમિશ્નરનો ધડાકો

## અજિતે યરવાડામાં પોલીસની ત્રણ એકર જમીનની હરાજીનો આદેશ આપ્યો હતો

। મુંબઈ, તા.૧૬ ।

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પવાર અંગે પૂર્વ પોલીસ કમિશનરે ચોંકાવનારી વાત કહી છે. રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી રાજકારણમાં ચોંકાવનારી ઘટનાઓ સામે આવી છે. અગાઉ શિંદે સહિત ઘણા ધારાસભ્યોએ શિવસેનામાં બળવો કરી ભાજપ સાથે ગઠબંધન બનાવી લીધું હતું, તો ત્યારબાદ અજિત પવારે એનસીપીમાંથી બળવો કરી ભાજપ-શિવસેના ગઠબંધનમાં જોડાઈ નાયબ મુખ્યમંત્રી બન્યા હતા. આ બંને મામલે ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાનો મામલો સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે, તો બીજીતરફ પૂર્વ પોલીસ કમિશનરની વાત સામે આવ્યા બાદ અજિત પવારની મુશ્કેલી વધી શકે છે.

પૂર્વ પોલીસ કમિશનર મીરાન ચડ્ઢા બોરવણકરે પોતાની પુસ્તકમાં 'મૈડમ કમિશનર'માં અજિત પવારનું નામ લીધા વગર મોટો ધડાકો કર્યો છે. તેમના કહેવા મુજબ, મહારાષ્ટ્રના પુણે જિલ્લાના યરવાડામાં પોલીસની ત્રણ એકર મુખ્ય જમીન આવેલી હતી, જેને તત્કાલીન મંત્રીના આદેશ બાદ હરાજી કરવામાં આવી હતી. તે સમયે મંત્રીએ જ્યારે પોલીસ કમિશનરને જમીન છોડવાનું કહ્યું તો તેમણે આવું કરવાનું ઈક્રાર કરી દીધો.

### AIIMSના રિપોર્ટમાં ખુલાસા બાદ કોર્ટનો ચુકાદો

# મહિલાને ૨૬ સપ્તાહના ગર્ભપાતની મંજૂરી આપવા સુપ્રીમનો ઈનકાર

**કોર્ટને જાણવા મળ્યું કે, ડિપ્રેશનથી પીડિત મહિલા જે દવાઓ લઈ રહી હતી તેનાથી બાળકને કોઈ નુકસાન થયું નથી, મહિલાના ગર્ભમાં બાળક સામાન્ય છે**

। નવી દિલ્હી, તા.૧૬ ।

સુપ્રીમ કોર્ટે સોમવારે ૨૬ અઠવાડિયાની ગર્ભવતી પરિણીત મહિલાને ગર્ભપાત કરાવવાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે આ નિર્ણય એવા સમયે આપ્યો છે જ્યારે એઆઈઆઈએમએસના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, મહિલાના ગર્ભમાં બાળક સામાન્ય છે. કોર્ટને જાણવા મળ્યું કે, ડિપ્રેશનથી પીડિત મહિલા જે દવાઓ લઈ રહી હતી તેનાથી બાળકને કોઈ નુકસાન થયું નથી. વાસ્તવમાં જ્યારે શુક્રવારે આ મામલાની સુનાવણી થઈ ત્યારે ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની



ખંડપીઠે એઆઈઆઈએમએસમેડિકલ બોર્ડને ગર્ભમાં રહેલા બાળક પર થતી અસર અંગે રિપોર્ટ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. આ અંગે મહિલાએ પોતાની અરજીમાં કહ્યું છે કે, તે લેક્ટેશનલ એમેનોરિયા નામની બીમારીથી પીડિત છે. આ સિવાય તે ડિપ્રેશનમાં પણ છે અને તેની આર્થિક સ્થિતિ પણ સારી નથી. તેથી, તે તેના ત્રીજા બાળકને ઉછેરવામાં સક્ષમ નથી. છેલ્લી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે મહિલાની હેલ્થ ચેકઅપ કરવાનો આદેશ આપ્યો હતો. આજે કોર્ટમાં રજૂ કરાયેલા નવા એઆઈઆઈએમએસના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ગર્ભમાં રહેલું બાળક સંપૂર્ણપણે સ્વસ્થ છે, બાળકને કોઈ સ્વાસ્થ્ય સમસ્યા નથી. કોર્ટે આદેશમાં ટાંક્યું કે જન્મ બાદ બાળકનું ધ્યાન અને તમામ તકેદારી સરકાર રાખશે. અગાઉ આ કેસની સુનાવણી બે જજોની બેંચ સમક્ષ થઈ હતી. ૧૧ ઓક્ટોબરે થયેલી સુનાવણીમાં બેન્ચે વિભાજિત ચુકાદો આપ્યો હતો.




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in

આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



# નવરાત્રિમાં ગરબા રસિકોમાં અવનવા ટેટૂનો વધ્યો ક્રેઝ

## ગરબાને લગતા ટેટુ બનાવવા યુવતીઓમાં ઉત્સાહ : યુવતીઓ ગરબે ઝૂમવા બોડી પર કાયમી તથા ટેમ્પરરી ટેટૂ કરાવે છે









। સુરત, તા.૧૬ ।

નવરાત્રિમાં અલગ અલગ થીમ પર ગરબાની સાથે કપડાં અને ટેટૂનો પણ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ત્યારે અમદાવાદના યુવાનો માટે ટેટૂ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જેમાં નવરાત્રિની સાથે ચંદ્રયાન, વર્લ્ડ કપની થીમ પર યુવકો અને યુવતીઓ પોતાના શરીર પર ટેટૂ બનાવે છે. ગરબા રસિકોમાં નવરાત્રિને લગતા જુદા જુદા ટેટૂ કરાવવાનો ક્રેઝ વધ્યો છે. સુરતમાં ગરબાને લાગતા ટેટુ બનાવવા યુવતીઓને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યુવતીઓ ગરબે ઝૂમવા બોડી પર કાયમી તથા ટેમ્પરરી ટેટૂ કરાવી રહ્યા છે. ખાસ કરીને નવરાત્રીને લગતા ટેટુ સહિત મહિલા અનામત પર યુવતીઓએ ટેટુ બનાવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માની રહ્યા છે. આદ્યશક્તિ મા અંબાના આરાધનાના પર્વ નવરાત્રિ પર્વની આજથી શરૂઆત થઈ ગઈ છે ત્યારે ગરબા ગ્રાઉન્ડ ઉપર સૌ કોઈને પોતાની તરફ આકર્ષિત કરવા માટે ખેલૈયાઓ દ્વારા અનેકવિધ તરકીબ અજમાવવામાં આવતી હોય છે. ત્યારે આ વર્ષે ખેલૈયાઓએ બોડી પર અલગ અલગ પ્રકારના ટેટૂ બનાવી રહ્યા છે. સુરતમાં ગરબાને લાગતા ટેટુ બનાવવા યુવતીઓને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યુવતીઓ ગરબે ઝૂમવા બોડી પર કાયમી તથા ટેમ્પરરી ટેટૂ કરાવી રહ્યા છે.ખાસ કરીને નવરાત્રીને લગતા ટેટુ સહિત મહિલા અનામત પર યુવતીઓએ ટેટુ બનાવી બનાવી રહ્યા છે. આ સિવાય ઈઝરાયલ અને હમાસના યુદ્ધ અંગે ટેટૂથી સોશિયલ મેસેજ પણ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

**ન્યૂઝ બ્રિફ**

### પશુ વધુ દુધ આપે તે માટે અપાતું ગેરકાયદેસર પ્રવાહી જપ્ત કરાયું

। તાપી, તા.૧૬ ।

તાપી SOG પોલીસે, પશુ વધુ દુધ આપે તે માટે ઉપયોગમાં લેવાતું ગેરકાયદેસર પ્રવાહી જપ્ત કર્યું છે. બેડકુવા નજીક આવેલ GIDCમાં પોલીસે રેડ કરી કાર્યવાહી કરી છે. પશુ વધુ દુધ આપે તે માટે તેમણે આ ગેરકાયદેસર પ્રવાહી આપવા માટેનુ આ સમગ્ર આયોજન અહીં કરવામાં આવતું હતું. તાપીના બેડકુવા નજીક આરોપીઓ ગેરકાયદેસર આ જે પ્રવાહી છે તેનું વેચાણ કરતાં હતા. આ દરમ્યાન તાપી SOGને બાતમી મળી હતી. પોલીસની સમગ્ર ટીમ સ્થળ પર પહોંચી અને કાર્યવાહી કરી હતી. પકડાયેલા આરોપી પ્રવિણ ભાટુને પોલીસે પકડીને કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે કુલ ૮૯ હજારના મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. પશુ કુદરતી રીતે દૂધ આપે તેની જગ્યાએ આ કેમિકલ દ્વારા વધુ લાલચના નામે આ સમગ્ર ગેરકાયદે કેમિકલ પશુઓ માટે બનાવવામાં આવતું હતું.

### રાજકોટમાં 33 વર્ષના યુવાનનું હાર્ટ એટેકથી મોત

। રાજકોટ, તા.૧૬ ।

રાજયમાં નાની ઉંમરે અચાનક હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત છે. રાજકોટમાં ૩૩ વર્ષનાં રાજકુમાર આહુજાનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું છે. ગીતગુજરી સોસાયટીમાં યુવક રહેતો હતો. રાત્રિના સમયે અચાનક યુવાન બેભાન થઈ ગયો હતો. બેભાન થયા બાદ તાત્કાલીક રાજુકમારને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જો કે હોસ્પિટલના ફરજ પરના તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો. આજકાલ લોકો ૪૦ વર્ષની ઉંમરે અનેક ગંભીર બીમારીઓનો શિકાર બની રહ્યા છે. અગાઉ, મોટાભાગના લોકોને ૬૦ વર્ષની ઉંમરે હૃદય રોગનું જોખમ હતું. તે જ સમયે, મોટાભાગના લોકો ૪૦ વર્ષની ઉંમરે હાર્ટ એટેકનો શિકાર બને છે. પાછલા કેટલાક વર્ષોમાં, ૪૦ વર્ષની વયના કલાકારોથી લઈને સામાન્ય લોકો સુધીના દરેક લોકો હાર્ટ એટેકનો શિકાર બન્યા છે. હૃદય સંબંધિત બિમારીઓને કારણે મોટાભાગના લોકો નાની ઉંમરમાં જ મૃત્યુ પામી રહ્યા છે.

### જામનગરમાં ૭૨ વર્ષ જૂની પરંપરા આજે પણ યથાવત

# યુવાનો આગના ધગધગતા અંગારા પર ખુલ્લા પગે રમે છે રાસ ગરબા

## જામનગરમાં પટેલ સમાજના ચોકમાં લગભગ છેલ્લા ૭૨ વર્ષથી પટેલ યુવક ગરબી મંડળ દ્વારા નવરાત્રિ પર્વની ઉજવણી કરવામાં આવે છે

। જામનગર, તા.૧૬ ।

જામનગરમાં ૭૨ વર્ષથી ચાલતી પરંપરા આજે પણ યથાવત છે. શ્રી પટેલ યુવક ગરબી મંડળના યુવાનો પરંપરાગત મશાલ રાસમાં અગ્નિમાં ગરબે ઘૂમી લોકોના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે. જામનગરમાં થતા આ રાસ ગરબાને જોવા માટે મોટી સંખ્યામાં લોકો આવી પહોંચે છે. જામનગર શહેરમાં વિવિધ વિસ્તારોમાં પ્રાચીન-અર્વાચીન ગરબીઓ દ્વારા માં આદ્યશક્તિની આરાધનાનું મહાપર્વ નવરાત્રિને ભક્તિભાવ સાથે ઉત્સાહભર્યા માહોલમાં ઉજવવામાં આવી રહ્યું છે. જામનગરના રણજીતનગરમાં લેઉવા પટેલ સમાજના ચોકમાં છેલ્લા ૭૨ વર્ષથી પટેલ યુવક ગરબી મંડળ દ્વારા નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવે છે. જેમાં યુવકો દ્વારા રજૂ થતાં મશાલ રાસે લોકોમાં જબરૂ આકર્ષણ જમાવ્યું છે. આ રાસ નિહાળવો લોકોને ખૂબ પસંદ પડે એવો છે. વિશાળ સ્ટેજ પર પરંપરાગત કેળિયું અને ચોયણીના વસ્ત્રો પરિધાન કરીને આ ગરબી મંડળના ખેલૈયાઓને નિહાળવા રાત્રે મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. જામનગરમાં પટેલ સમાજના ચોકમાં લગભગ છેલ્લા ૭૨ વર્ષથી પટેલ યુવક ગરબી મંડળ દ્વારા નવરાત્રિ પર્વની ઉજવણી કરવામાં આવે છે.

### નવરાત્રીના પહેલા દિવસે સરકારનો મોટો નિર્ણય

# સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વધુ 3 વર્ષ લંબાવવામાં આવશે

## નગરો મહાનગરોમાં આવા અંદાજે ૨ લાખ ૮૪ હજારથી વધુ કામો માટે ૪૮ હજાર ૭૩૬ કરોડ અત્યાર સુધીમાં મંજૂર કર્યા છે

। ગાંધીનગર, તા.૧૬ ।



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં શહેરી જનજીવન સુખાકારીમાં વૃદ્ધિ માટેનું વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરીને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વધુ ત્રણ વર્ષ લંબાવવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યમાં વધતા જતા શહેરીકરણને પગલે શહેરીજનોની માળખાકીય સુવિધાઓ-જરૂરિયાત પૂર્ણ કરવાના હેતુથી ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના સ્વર્ણિમ જયંતિ અવસરે ૨૦૦૯-૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે આ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરાવેલી છે.

આ યોજનામાં ભૌતિક આંતર માળખાકીય સુવિધા અન્વયે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, જળસંચય અને લેક બ્યુટીફિકેશનનાં કામો, શહેરી સડકનાં કામો, પાણી પુરવઠા ગટર-વ્યવસ્થાનાં કામો તેમજ સ્ટ્રીટ લાઈટનાં કામો, વગેરે માટે નગરો મહાનગરોમાં ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. એટલું જ નહીં, સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીઝ અન્વયે અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પિટલ, આંગણવાડી, લાઈબ્રેરી કે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સહિતની સુવિધાઓના કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અર્બન મોબિલિટી અંતર્ગત આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી શહેરી બસસેવા, ટ્રાફિક મેનેજમેન્ટ, રેલવે ઓવરબ્રિજ, અંડર બ્રિજ, રિંગ રોડ, ફલાય-ઓવર બ્રિજ અને અંડરપાસ જેવાં કામો હાથ ધરી શકાય છે. આ ઉપરાંત શહેરની આગવી ઓળખ ઊભી થાય તેવાં કામોમાં હેરિટેજ એન્ડ ટુરિઝમ, એક્ઝિબિશન હોલ, પંચશક્તિ થીમ આધારિત ટ્રાફિક આઈલેન્ડ્સ, રીવરફ્રન્ટ, વોટર બોડી, લેન્ડસ્કેપિંગ, સાયન્સ સેન્ટર, પ્લેનેટોરિયમ, મ્યુઝિયમ, એમ્ફી થિયેટર, વગેરેનાં કામોનો પણ આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલો છે. રાજ્ય સરકારે નગરો મહાનગરોમાં આવા અંદાજે ૨ લાખ ૮૪ હજારથી વધુ કામો માટે રૂપિયા ૪૮ હજાર ૭૩૬ કરોડ અત્યાર સુધીમાં મંજૂર કર્યા છે. આ ફ્લેગશીપ યોજના માટે અત્યાર સુધીમાં ૫૭ હજાર કરોડનું બજેટ પ્રાવધાન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ યોજનાને મળી રહેલા વ્યાપક લોક સમર્થન તેમજ નગર સુખાકારીનાં વિવિધ કામોમાં યોજનાના લાભોની જરૂરિયાત સંદર્ભમાં આ ફ્લેગશીપ યોજના વધુ ત્રણ વર્ષ ચાલુ રાખવાનો સ્તુત્ય નિર્ણય કર્યો છે. ભૂપેન્દ્ર પટેલના આ જન હિતકારી નિર્ણયને પરિણામે હવે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૪-૨૫થી ૨૦૨૬-૨૭ સુધીના વધુ ત્રણ વર્ષ માટે અમલમાં રહેશે.

# વિવાદીત ટિકટોક સ્ટાર કીર્તિ પટેલ ફરી આવી વિવાદમાં

। અમદાવાદ, તા.૧૬ ।

શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા માનસી સર્કલ નજીકના ગોયલ પાર્કમાં રહેતા રમીલાબેન મકવાણાએ વર્ષ ૨૦૧૪માં રામનિવાસ અગ્રવાલ સાથે લગ્ન કર્યા હતા. જોકે, પતિ સાથે મનભેદના કારણે વર્ષ ૨૦૧૯માં છુટાછેડા લીધા હતા. પતિને આગળ પાછળ કોઈ ન હોવાથી છૂટાછેડા બાદ પણ રમીલાબેન તેમની સાથે રહીને તેમની સેવા કરી તેમના જ ઘરે રહેતા હતા.

આ કેસમાં સોશિયલ મિડીયાથી જાણીતી બનેલી ટીક ટોક સ્ટાર કીર્તિ પટેલ ફરી વિવાદમાં આવી છે. એક મહિલાના ઘરે કીર્તી પટેલ અને તેની સાથે ગુડ્ડી પટેલ તથા અન્ય બે શખ્સોએ ઘૂસીને ઘરમાંથી નીકળી જવાનું કહી મારામારી કરતા વસ્ત્રાપુર પોલીસે ફરિયાદ નોંધાઈ છે. ચારેક દિવસ પહેલા રમીલાબેન ઘરે હાજર હતા ત્યારે બે સ્ત્રીઓ રામનિવાસ અગ્રવાલને મળવા આવી અને ઘરમાંથી નીકળવાનું કહીને બબાલ કરીને મારામારી કરવા લાગી હતી. ત્યારબાદ પોલીસ બોલાવતા આ બંને ફરાર થઈ ગઈ હતી. બાદમાં રમીલાબેનને જાણ થઈ કે તે જે સ્ત્રીઓ આવી હતી તેમાં એક કીર્તી પટેલ અને બીજી ગુડ્ડી પટેલ હતી. સાથે જે શખ્સો આવ્યા હતા તેનું નામ વિરમ ભરવાડ અને મુકેશ ચૌધરી હતું. મારામારીના કારણે થોડા દિવસો બાદ દુખાવો થતાં રમીલાબેનને સારવાર માટે ખસેડાતા આ મામલે પોલીસને જાણ થઈ હતી. જેથી ફરિયાદી રમીલાબેને આ મામલે કીર્તી પટેલ, ગુડ્ડી પટેલ, વિરમ ભરવાડ અને મુકેશ ચૌધરી સામે ફરિયાદ નોંધાવતા વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધ્યો છે. ત્યારે પોલીસે પ્રાથમિક તપાસ કરતા એવુ જાણવા મળ્યું કે, આ કેસમાં આરોપી વિરમ ભરવાડ કર્ણાવતી ક્લબ પાસે ખેતલાઆપા ટી સ્ટોલ ધરાવે છે. કીર્તિ પટેલની પણ ત્યાં અવર જવર રહેતી હોય છે.

**વિશેષ લેખ**

### ઝાડીઝાંખરાથી લથબથ સરકારી કચેરીમાં કર્મયોગીઓના શ્રમદાનથી બન્યું નાનું ઉપવન

# વડોદરાની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં સ્વચ્છતા હી સેવા અભિયાનને સાર્થક કરી એક હજાર જેટલા વૃક્ષોનું વાવેતર

એક સમયે ઝાડી ઝાંખરાથી લથબથ એવી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને સ્વચ્છતા હી સેવા અભિયાનનો રંગ લાગતા થોડા જ દિવસોના શ્રમદાન થકી હવે નંદનવન જેવી બનાવવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના તમામ કર્મયોગીઓ દ્વારા આર્થિક યોગદાન આપી કચેરીમાં પ્રાકૃતિક વાતાવરણ બનાવવા માટે ફૂલછોડના કુંડા મૂકવામાં આવ્યા છે.

કારેલી બાગમાં આવેલા શિક્ષણ સંકુલમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ઉપરાંત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની કચેરી બેસે છે. રાજાશાહી વખતના આ બિલ્ડિંગ આસપાસ પહેલા બાવળ સહિતના ઝાડી ઝાંખરા હતા. જેના કારણે કચરો થવા ઉપરાંત અવાવરૂ જેવી સ્થિતિ લાગતી હતી.

એવામાં સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન શરૂ કરવામાં આવતા જિલ્લા શિક્ષણાધિકારી શ્રી રાકેશ વ્યાસે કચેરી પરિસરને સુંદર બનાવવાનો નિર્ણય લીધો અને તેમાં કચેરીના તમામ કર્મયોગીઓએ સહયોગ આપવા સહમત થયા. આ રીતે શરૂ થઈ સફાઈ ઝૂંબેશ! થોડા દિવસો પહેલા એક બૂલડોઝર બોલવવામાં આવ્યું અને પરિસરમાં રહેલી ઝાડીઓને દૂર કરવામાં આવી. બાવળ સહિતનો કચરો દૂર થતાં નાનું મેદાન ખાલી થયું. કચેરી સામે જ આવેલા આ મેદાનમાં એક બ્લોક બિનવપરાશમાં હતો. તેમાં પણ સફાઈ કરી સ્વચ્છ કરવામાં આવ્યું. હવે પછીની વાત રસપ્રદ છે. આ મેદાનમાં ફરી ઝાડીઓ ઉગી ના નીકળે એ માટે ત્યાં કાળી માટી નાની લીલું ઘાસ વાવવામાં આવ્યું છે. એના કારણે ત્યાં નાના મેદાનમાં લોનથી નાના ઉપવન જેવો નજારો ઉભો થયો છે. વળી, મેદાનમાં આવેલા મિટિંગ હોલ આસપાસ ઉપરાંત પરિસરમાં એક હજાર જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા છે. મહેંદીના છોડ સાથે ગણવામાં આવે તો અઢી હજાર જેટલા છોડ વાવવામાં આવ્યા છે. વળી, મિટિંગ બ્લોક પાછળ એક જાળી નાખવામાં આવી છે. જમીન ઉપર જાળીના છેડે વેલા વાવવામાં આવ્યા છે. જે જાળી મારફત મિટિંગ બ્લોક ઉપર ચઢે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. મિટિંગ બ્લોક આ વેલાથી સંપૂર્ણ પણે ઢંકાઈ જાય એવું આયોજન છે. મજાની વાત તો એ છે કે, કચેરીની અંદર એક સો કરતા





પણ વધુ ફૂલછોડના કુંડા મૂકવામાં આવ્યા છે. આ કુંડાના કારણે કચેરીનો માહોલ અદ્દભૂત બન્યો છે. આ કુંડા અને સ્વચ્છતા અભિયાનનો આર્થિક ખર્ચો તમામ કર્મયોગીઓએ ભોગવ્યો છે. ગાર્ડનિંગ માટે એક અલગ વ્યક્તિને જવાબદારી સોંપવામાં આવી છે. આમ, સ્વચ્છતા હી સેવા અભિયાન જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી માટે એક અવસર લઈને આવ્યું અને ત્યાં થયેલી સ્વચ્છતાલક્ષી કામગીરીને કારણે સમગ્ર પરિસર દીપી ઉઠ્યું છે.

## ન્યુઝ બોક્ષ

### ઈઝરાયલ દ્વારા કરાઈ રહેલી કાર્યવાહી ગાઝાના લોકોને સજા સમાન : ચીન



। બેઈજિંગ, તા.૧૬ ।

યુદ્ધ વચ્ચે ચીને ગાઝામાં ઈઝરાયલની કાર્યવાહી સામે સવાલો ઊભા કર્યા છે. તાજેતરમાં જ ચીને ઈઝરાયલ દ્વારા કરાઈ રહેલી કાર્યવાહીની તુલના ગાઝાના લોકો માટે સજા સાથે કરી હતી. ઈઝરાયલ પર હમાસના હુમલા બાદ પ.એશિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવવાનો પ્રયાસ કરી રહેલા ચીને હવે ઈઝરાયલ સામે જોરદાર નિશાન તાક્યું છે. ચીનના વિદેશમંત્રી વાંગ યીએ કહ્યું કે ઈઝરાયલની કાર્યવાહી હવે સેલ્ફ ડિફેન્સ એટલે કે આત્મરક્ષાની હદોને વટાવી ચૂકી છે. સાથે જ તેમણે ગાઝાના લોકોને અપ ઈ રહેલી સજા પર રોક લગાવવાની માગ કરી છે. ખાસ વાત એ છે કે ચીન તરફથીઆ ટિપ્પણી એવા સમયે કરાઈ છે જ્યારે ઈઝરાયલ ગાઝામાં જમીની હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે. વાંગે કહ્યું કે ઈઝરાયલ આંતરરાષ્ટ્રીય સમુદાય અને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવના આહ્વાનને સાંભળવું જોઈએ અને ગાઝાના લોકોને મળી રહેલી સજા પર રોક લગાવવી જોઈએ. એવું મનાય છે કે આ યુદ્ધને લઈને ચીન તરફથી પહેલીવાર આકરી પ્રતિક્રિયા આપવામાં આવી છે. ઈઝરાયલી સૈન્યએ આ અઠવાડિયાના અંતે ગાઝા પટ્ટીમાં જમીની હુમલા કરવાની યોજના બનાવી હતી.

### સુરેન્દ્ર કોહલી અને મનિન્દર પંઢેરને અલ્હાબાદ હાઈકોર્ટે નિર્દોષ જાહેર કર્યા



। નોઈડા, તા.૧૬ ।

નોઈડાના ચર્ચિત નિઠારી કાંડમાં અલ્હાબાદ હાઈકોર્ટે સુરેન્દ્ર કોલી અને મનિન્દર સિંહ પંઢેરને તમામ કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. આ લોકોને નિઠારી કાંડમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. સુરેન્દ્ર કોલીને ૧૨ અને મનિન્દર સિંહ પંઢેરને બે કેસમાં આપવામાં આવેલી ફાંસીની સજાને હાઈકોર્ટે રદ કરી દીધી છે. હાઈકોર્ટે ગાઝિયાબાદની સીબીઆઈકોર્ટે આપેલી ફાંસીની સજા રદ કરી દીધી છે. આ કેસમાં હાઈકોર્ટે બંને આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. હાઈકોર્ટે બંને દોષિતોની અરજી પર આજે નિર્ણય સંભળાવ્યો હતો. સુરેન્દ્ર કોલીએ ૧૨ કેસોમાં મળેલી ફાંસીની સજા વિરુદ્ધ અરજી દાખલ કરી હતી. જ્યારે મનિંદર સિંહ પંઢેરે બે કેસમાં મળેલી સજા વિરુદ્ધ અરજી દાખલ કરી હતી.

### શિકાગોમાં છ વર્ષના બાળકનું ચપ્પુથી હુમલામાં મોત થયું



। શિકાગો, તા.૧૬ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર આખી દુનિયાના અન્ય દેશોમાં પણ જોવા મળી રહી છે. અમેરિકાના શિકાગોમાં એક એવો જ કેસ સામે આવ્યો છે. જ્યાં એક વ્યક્તિએ છ વર્ષના બાળક પર ચપ્પાં વડે હુમલો કરી દીધો હતો. આ હુમલામાં બાળકનું મોત નીપજ્યું. પોલીસે જણાવ્યું કે શિકાગોના ઈલિનોઈસના એક વ્યક્તિ પર ઈઝરાયલ-હમાસ યુદ્ધથી પેદા થયેલા હેટ ક્રાઈમ હેઠળ ૬ વર્ષીય મુસ્લિમ છોકરાની હત્યાનો આરોપ છે. આ વ્યક્તિ પર ૩૨ વર્ષીય મહિલાને પણ ગંભીર રીતે ઘાયલ કરવાનો આરોપ છે. વિલ કાઉન્ટી શેરિફ કાર્યાલયે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે તપાસ અધિકારી એ વાતની તપાસ કરી રહ્યા છે કે આ મામલો હેટ ક્રાઈમ સંબંધિત છે કે નહીં? સાથે જ એ વાતની પણ તપાસ ચાલી રહી છે કે શું આરોપી યુવકે મુસ્લિમ હોવાને લીધે બંને પર હુમલો કર્યો હતો? શેરિફ કાર્યાલયે જણાવ્યું કે રવિવારે બંને ઘાયલ અવસ્થામાં મળ્યા હતા. બાળકને ગંભીર ઈજાઓ થઈ હતી. જેના લીધે તે મૃત્યુ પામી ગયો. તેના શરીર પર ૨૬ ઘા કરાયા હતા.

### વન-ડે વર્લ્ડ કપ-૨૦૨૩માં અફઘાને ઈંગ્લેન્ડને હરાવ્યું

# વર્લ્ડ કપમાં ભારત પણ બે વખત અપસેટનો શિકાર બની ગયું છે

**વર્લ્ડ કપમાં ૧૦ મોટા અપસેટ સર્જાયા છે, ૧૯૮૩ના વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાને ઝિમ્બાબ્વેએ હરાવ્યું હતું**

। નવી દિલ્હી, તા.૧૬ ।

અફઘાનિસ્તાને ગઈકાલે રાત્રે વર્લ્ડકપ ૨૦૨૩ની ૧૩મી મેચમાં ઈંગ્લેન્ડ સામે ૬૯ રને જીત મેળવી હતી. આ મેચમાં અફઘાનિસ્તાન દ્વારા પહેલા બેટિંગ કરીને ૨૮૪ રન બનાવવામાં આવ્યા હતા. આ સ્કોર સામે આખી ઈંગ્લીશ ટીમ ૨૧૫ રન જ બનાવી શકી હતી. ગયા વર્ષે ચેમ્પિયન બનેલી ઈંગ્લેન્ડની ટીમ માટે આ હારને પચાવી થોડી અઘરી છે. ઈંગ્લેન્ડની હાર બાદ ક્રિકેટ ફેન આવા વર્લ્ડ કપના ઈતિહાસમાં મોટા અપસેટ યાદ આવવા લાગ્યા. ૧૯૮૩ના વર્લ્ડ કપ માં ઓસ્ટ્રેલિયાને ઝિમ્બાબ્વેએ હરાવ્યું હતું, જ્યારે બે વખતની ચેમ્પિયન વેસ્ટ ઈન્ડિઝને ૧૯૯૬ના વર્લ્ડ કપમાં કેન્યા જેવી ટીમના હાથે હારનો સામનો કરવો પડ્યો હતો. આ સિવાય ભારતીય ટીમને વર્લ્ડ કપના ઈતિહાસમાં બે



વખત મોટા અપસેટનો સામનો કરવો પડ્યો હતો. તો જાણીએ વર્લ્ડ કપના ઈતિહાસના સૌથી મોટા અપસેટ વિશે ૧. ઝીમ્બાબ્વે વિરૂધ્ધઓસ્ટ્રેલિયા, ૧૯૮૩ વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજઃ ઝીમ્બાબ્વેએ ૧૯૮૩ના વર્લ્ડકપમાં લીગમાં ૧૩ રને ઓસ્ટ્રેલીયાને હરાવ્યું હતું. ૨. વેસ્ટઈન્ડીઝ વિરૂધ્ધકેન્યા, ૧૯૯૬ વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજઃ પહેલીવાર વર્લ્ડકપ માટે ક્વોલિફાય કરનાર કેન્યાની ટીમે પટનામાં વેસ્ટઈન્ડીઝને ૭ વિકેટથી હરાવ્યું હતું.

૩. ભારત વિરૂધ્ધઝિમ્બાબ્વે, ૧૯૯૯ વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજઃ તે સમય દરમ્યાન સૌથી કમઝોર માનવામાં આવતી ઝિમ્બાબ્વે વર્લ્ડકપના ગ્રુપ સ્ટેજ મેચમાં ભારતને ૩ રનથી હરાવીને બધાને ચોંકાવી દીધા હતા. ૪. સાઉથ આફ્રિકા વિરૂધ્ધઝિમ્બાબ્વે, ૧૯૯૯ વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજઃ ઝિમ્બાબ્વેએ ભારતને હરાવ્યા બાદ સાઉથ આફ્રિકાને ૪૮ રને હરાવીને વર્લ્ડકપ ૧૯૯૯માં બીજી મોટી સફળતા મેળવી હતી. ૫. પાકિસ્તાન વિરૂધ્ધબાંગ્લાદેશ, ૧૯૯૯ વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજઃ બાંગ્લાદેશે આ વર્લ્ડકપમાં પાકિસ્તાનને નોર્થમ્પ્ટનમાં ગ્રુપ સ્ટેજ મેચમાં ૬૨ રને હરાવ્યું હતું. ૬. શ્રીલંકા વિરૂધ્ધકેન્યા, ૨૦૦૩ વર્લ્ડકપ, ગ્રુપ સ્ટેજઃ કેન્યાએ ૨૦૦૩ વર્લ્ડકપમાં નૈરોબીમાં શ્રીલંકાને ૫૩ રનથી હરાવીને ગેમ ચેઈન્જર બની હતી.

### ચેસ ફોર ફ્રીડમ ઓનલાઈન ચેસ ચેમ્પિયનશીપ

# ભોપાલની ચિલ્ડ્રન કરેક્સનલ હોમ ટીમે ચેસ ફોર ફ્રીડમમાં ગોલ્ડ મેડલ જીત્યો

**ચેમ્પિયનશિપનો ઉદ્દેશ જેલમાં બંધ વ્યક્તિઓના પુનર્વસન માટે એક માધ્યમ તરીકે ચેસને પ્રોત્સાહન આપવાનો જ હતો**

। ભોપાલ, તા.૧૬ ।

ભોપાલની ચિલ્ડ્રન કરેક્શનલ હોમ ટીમે કેદીઓ માટેની ઈન્ટરકોન્ટિનેન્ટલ ‘‘ચેસ ફોર ફ્રીડમ‘‘ ઓનલાઈન ચેસ ચેમ્પિયનશીપ માં યુથ કેટેગરીમાં ગોલ્ડ મેડલ હાંસલ કરીને નોંધપાત્ર વિજય મેળવ્યો હતો. વર્લ્ડ ચેસ ફેડરેશન (ફિડે) દ્વારા આયોજિત આ ચેમ્પિયનશિપનો ઉદ્દેશ જેલમાં બંધ વ્યક્તિઓના પુનર્વસન માટે એક શક્તિશાળી માધ્યમ તરીકે ચેસને પ્રોત્સાહન આપવાનો હતો. ૧૧ થી ૧૩ ઓક્ટોબર, ૨૦૨૩ યોજાયેલી આ ટુર્નામેન્ટમાં તમામ ખંડોનું પ્રતિનિધિત્વ કરતી ૫૦ દેશોની ૧૧૮ ટીમોએ ભાગ લીધો હતો.

જેણે કેદીઓને વિશ્વભરના કેદીઓ સાથે સ્પર્ધા કરવાની અનોખી તક પૂરી પાડી હતી. યુથ સેક્શનમાં ભારત-૨ (ચિલ્ડ્રન કરેક્શનલ સેન્ટર, ભોપાલ)નો મુકાબલો સર્બિયા સામે ગોલ્ડ મેડલ માટે



થયો હતો, જ્યારે ઈક્વાડોર અને ઈન્ડિયા-૧ (તિહાર જેલ - યુથ) બ્રોન્ઝ મેડલ માટે જંગમાં ઉતર્યા હતા. ભોપાલની ચિલ્ડ્રન કરેક્શનલ હોમ ટીમે તેમના કોચ શ્રી રવિ પાલસુલેના માર્ગદર્શન હેઠળ ફાઈનલમાં સર્બિયાને ૨.૫-૧.૫ અને ૨-૨ના સ્કોર સાથે હરાવીને વિજયી દેખાવ કર્યો હતો.

જ્યારે, ઈન્ડિયા-૧ (તિહાર જેલ-યુથ) એકરોમાંચક મુકાબલા બાદ ઈક્વાડોર સામે પરાજય પામી ચોથા સ્થાને રહી હતી. મેન્સ કેટેગરીની મેચો તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ યોજાવાની છે.

### સ્પેસ ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારતનો વધતો જતો દબદબો

# યુએસએ ભારત પાસેથી ચંદ્રયાન-૩ની ટેક્નોલોજી માગી હતી

**આ માહિતી અન્ય કોઈએ નહીં પરંતુ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના ચીફ એસ. સોમનાથ પોતે આપી છે**

। નવી દિલ્હી,તા.૧૬ ।

સ્પેસ ટેક્નોલોજીના ક્ષેત્રમાં ભારતના વધતા જતા દબદબાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે હવે અમેરિકાએ પણ ભારત પાસેથી ટેક્નોલોજી શેર કરવાની માગ શરૂ કરી છે. આ માહિતી અન્ય કોઈએ નહીં પરંતુ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના ચીફ એસ. સોમનાથ પોતે આપી છે. ઈસરોના ચીફે કહ્યું છે કે જ્યારે ચંદ્રયાન-૩ મિશન માટે અવકાશયાન વિકસાવવામાં આવી રહ્યું હતું, ત્યારે અમેરિકન નિષ્ણાતોએ સલાહ આપી હતી કે ભારતે આ ટેક્નોલોજી વિશે અમેરિકા સાથે માહિતી શેર કરવી જોઈએ. ઈસરોના પ્રમુખ સોમનાથ પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એપીજે અબ્દુલ



કલામની ૯૨મી જન્મજયંતિ નિમિત્તે અબ્દુલ કલામ ફાઉન્ડેશનના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે હવે સમય બદલાઈ ગયો છે. ભારત શ્રેષ્ઠ રોકેટ અને અન્ય સાધનો બનાવવામાં સક્ષમ છે. આ જ કારણ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખાનગી વ્યવસાયો માટે સ્પેસ ફીલ્ડ ખોલી દીધું છે. તેમણે વધુમાં કહ્યું કે આપણો દેશ ઘણો શક્તિશાળી છે. આપણું જ્ઞાન અને બુદ્ધિનું સ્તર વિશ્વના શ્રેષ્ઠમાંનું એક છે. ઈસરોના વડાએ કહ્યું કે જ્યારે અમે ચંદ્રયાન-૩ મિશન માટે સ્પેસક્રાફ્ટને ડિઝાઈન અને વિકસિત કર્યું ત્યારે અમે નાસા-જેપીએલની જેટ પ્રોપલ્શન લેબોરેટરીના નિષ્ણાતોને આમંત્રિત કર્યા હતા. નાસા-જેપીએલએ અમેરિકાનું સૌથી મુશ્કેલ મિશન પાર પાડ્યું છે, જેણે ઘણા મોટા રોકેટ તૈયાર કર્યા છે. એસ સોમનાથે કહ્યું કે ચંદ્રયાન-૩ (૨૩ ઓગસ્ટ)ના સોફ્ટ લેન્ડિંગ પહેલા નાસા-જેપીએલના લગભગ ૫ થી ૬ લોકો ઈસરોના હેડક્વાર્ટરમાં આવ્યા હતા. અમારી ટીમે તેમને ચંદ્રયાન-૩ વિશે સમજાવ્યું.

### નાસા-જેપીએલ ટીમે કહ્યું કે બધુ જ શાનદાર થવાનું છે



**ટીમે તેમને જણાવ્યું કે આ મિશન કેવી રીતે ડિઝાઇન કરવામાં આવ્યું અને અમારા એન્જિનિયરોએ તેને કેવી રીતે બનાવ્યું. અમે તેમને એ પણ જણાવ્યું કે અમે ચંદ્રની સપાટી પર કેવી રીતે ઉતરીશું. બધું સાંભળ્યા પછી તેણે માત્ર ‘નો કોમેન્ટ’ કહ્યું. નાસા-જેપીએલ ટીમે કહ્યું કે બધુ જ શાનદાર થવાનું છે. તમને જણાવી દઈએ કે જેપીએલ અથવા નાસાની જેટ પ્રોપલ્શન લેબોરેટરી એક રિસર્ચ એન્ડ ડેવલપ મેન્ટ લેબોરેટરી છે. તેમાં રિસર્ચ સંબંધિત ઘણું કામ કરવામાં આવે છે. તેને અમેરિકાના નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (દ્વારા ફન્ડિંગ કરવામાં આવે છે. અમેરિકામાં કેલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (કેલટેક) દ્વારા તેનું સંચાલન થાય છે.**




રુદ્રપ્રયાગ જિલ્લા કેદાનાથ મંદિર પાસે હિમવર્ષા થવાના કારણે ભક્તો આનંદ આવી સેલ્ફી લેતા નજરે પડે છે.

# પૂર્વ મિસ વર્લ્ડ સ્પર્ધક શેરિકા ડી અરમાસનું ૨૬ વર્ષની વયે નિધન

। નવી દિલ્હી, તા.૧૬ ।

પૂર્વ મિસ વર્લ્ડ સ્પર્ધક શેરિકા ડી અરમાસનું નિધન થયું છે. તેમએ ૨૦૧૫ માં મિસ વર્લ્ડ સ્પર્ધામાં ઉરુગ્વેનું પ્રતિનિધિત્વ કર્યું હતું. એક અહેવાલ પ્રમાણે શેરિકા ડી અરમાસ સર્વાઈકલ કેન્સર સામેની લડાઈ હારી ગઈ હતી અને ૧૩ ઓક્ટોબરે ૨૬ વર્ષની વયે તેનું અવસાન થયું હતું. ડી અરમાસે કીમોથેરાપી અને રેડિયોથેરાપી સારવાર પણ કરાવી હતી. શેરીકા ડી અરમાસના મોતથી તેમના ચાહકો આઘાતમાં છે અને ઉરુગ્વે તથા વિશ્વભરમાં શોકની લહેર છે. બીજી તરફ તેમના ભાઈ




મયક ડી અરમાસે સોશિયલ મીડિયા પર લખ્યું કે, હંમેશા ઉંચી ઉડાન ભરો નાની બહેન મિસ યુનિવર્સ ઉરુગ્વે ૨૦૨૨ કાર્લા રોમેરોએ શોક વ્યક્ત કરતા લખ્યું કે, મિસ ડી અરમાસ આ દુનિયા માટે ખૂબ જ ઈવોલ્વડ હતી. હું અત્યાર સુધીમાં જેટલી પણ મહિલાઓને મળી તેમાંથી સૌથી ખૂબસુરત મહિલાઓમાંથી એક હતી.

### કિંગ ખાનનો થોડા સમય પહેલાં ધમકી મળી હતી

# કુછ કુછ હોતા હૈના ૨૫ વર્ષના સ્ક્રિનિંગ પર શાહરૂખ વાયપ્લસ સિક્યોરિટીમાં જોવા મળ્યો

। મુંબઈ, તા.૧૬ ।

શાહરૂખ ખાન ભારતીય સિનેમાનું એક મોટુ નામ છે જેમને કિંગ ઓફ રોમાન્સ અને બોલીવુડના બાદશાહ કહેવામાં આવે છે. અભિનેતા માટે આ વર્ષ શાનદાર રહ્યુ, કેમ કે ૨૦૨૩માં તેમણે એક નહીં પરંતુ ૨ બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે. તેમણે એકવાર ફરી સિલ્વર સ્ક્રીન પર ૫૭ની ઉંમરે લીડ એક્ટર તરીકે પોતાના અભિનયને સાબિત કરી દીધો. અમુક લોકો તેમને પસંદ કરે છે અને અમુક લોકો તેમનો ફોર્મ જોઈ શકતા નથી. ઉલ્લેખનીય છે કે મહિનાની શરૂઆતમાં જવાન સ્ટાર શાહરૂખ ખાનને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. તેમની બે ફિલ્મોની સફળતાને જોતા ખાનગી રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે શાહરૂખ ખાનને ખૂબ જોખમ છે. જ્યારે શાહરૂખને ધમકીઓ મળી રહી હતી ત્યારે તેમના માટે હાઈ સિક્યોરિટીની વાત કહેવામાં આવી હતી. તાજેતરમાં જ શાહરૂખ ખાનનો એક વીડિયો સામે આવ્યો છે.



જેમાં તેઓ વાયપ્લસસિક્યોરિટીથી ઘેરાયેલા જોવા મળ્યા છે. ઉલ્લેખનીય છે કે તેમને ગત અઠવાડિયાએ જાનથી મારવાની ધમકી મળી હતી અને જે બાદથી જ તેમને વાયપ્લસકેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે. અભિનેતાનો વાયપ્લસસિક્યોરિટીવાળો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. ગત દિવસ એટલે કે રવિવારે રાત્રે શાહરૂખની ફિલ્મ કુછ કુછ હોતા હૈ ના ૨૫ વર્ષ પૂરા થવા પર મુંબઈના એક થિયેટરમાં ફિલ્મની સ્પેશ્યલ સ્ક્રીનિંગ રાખવામાં આવી હતી અને આ ખાસ અવસરે શાહરૂખ ખાન આ ઈવેન્ટમાં હાજરી આપવા પહોંચ્યા હતા. ત્યારે તેઓ વાયપ્લસસિક્યોરિટીની સાથે થિયેટરમાં પહોંચ્યા. આ દરમિયાન તેમની સાથે કરણ જોહર અને રાની મુખર્જી પણ નજર આવ્યા.

શેર કરવામાં આવેલા એક વીડિયોમાં શાહરૂખ પોતાના આલીશાન ઘર મન્નતથી ટાઈટ સિક્યોરિટી સાથે કારમાં બેસીને બહાર નીકળતા જોવામાં આવ્યા. રિપોર્ટ અનુસાર અભિનેતાની સુરક્ષા વ્યવસ્થામાં દર સમયે તેમના બોડીગાર્ડ તરીકે ૬ પોલીસ કમાન્ડો સામેલ હોય છે. સુરક્ષાદળ એમપી-૫ મશીન ગન, એકે-૪૭ એસોલ્ટ રાઈફલ અને ગ્લોક પિસ્તોલ સજ્જ હોય છે. તેમના નિવાસ સ્થાને પણ દરેક સમયે ચાર સશસ્ત્ર પોલીસ કર્મચારી તૈનાત રહે છે. જ્યારે શાહરૂખ થિયેટરમાં હતા, તો દરેક સ્થળે બોડીગાર્ડ જોવા મળ્યા, તેઓ તે વાતનું ધ્યાન રાખી રહ્યા હતા કે ચાહકો સાથે વાતચીત દરમિયાન તેઓ સુરક્ષિત રહે. તંત્ર દ્વારા કરવામાં આવેલી આ સુરક્ષાનો ખર્ચ શાહરૂખ ખાન પોતે ઉઠાવશે.

### ભારતીય સ્થાનિક શેરબજારમાં ઘટાડો

# સતત ત્રીજા સત્રમાં સેન્સેક્સ ૧૧૬ પોઈન્ટ ઘટ્યો અને નિફ્ટી ૧૯૭૫૦ની નીચે બંધ

**સેન્સેક્સ પેકના ૧૯ શેર લાલ નિશાનમાં બંધ થયા હતા, તેમાંથી ટાટા સ્ટીલનો શેર સૌથી વધુ ૧.૬૮% વધીને બંધ રહ્યો હતો**

। મુંબઈ, તા.૧૬ ।

વૈશ્વિક બજારોમાં ઘટાડાને કારણે સોમવારે ભારતીય સ્થાનિક શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સ ૧૧૫ પોઈન્ટ ઘટીને અને નિફ્ટી ૧૯,૭૫૦ પોઈન્ટના સ્તરની નીચે બંધ થયો. ક્ષેત્રીય સૂચકાંકો પણ ઘટ્યા હતા. નિફ્ટી આઈટી, નિફ્ટી બેંક, નિફ્ટી ઓટો સહિત ૧૦ સેક્ટરમાં ઘટાડો નોંધાયો હતો. એમએમટીસીનો શેર ૧૩% વધ્યો હતો જ્યારે અદાણી પાવરનો શેર ૪% ઘટ્યો હતો. મધ્ય પૂર્વમાં વધી રહેલી હિંસા અંગેની ચિંતાને પગલે વૈશ્વિક બજારોમાં ઘટાડો અને તેલના ભાવમાં થયેલા વધારા વચ્ચે સોમવારે ભારતીય શેરોમાં ઘટાડો થયો હતો. સોમવારે બીએસઈસેન્સેક્સ ૧૧૫.૮૧ પોઈન્ટ અથવા ૦.૧૭% ઘટીને ૬૬,૧૬૬.૯૩ પર બંધ થયો હતો. એનએસઈનિફ્ટી ૧૯.૩૦ પોઈન્ટ અથવા ૦.૦૯૮% ઘટીને ૧૯,૭૩૧.૭૫ પર બંધ થયો. સોમવારે, નિફ્ટીના મુખ્ય ક્ષેત્રીય સૂચકાંકો ૦.૫% થી વધુ ઘટ્યા હતા.



૧૩ માંથી ૧૦ સૂચકાંકો ઘટ્યા હતા. નિફ્ટી આઈટી, નિફ્ટી બેંક, નિફ્ટી ઓટો, નિફ્ટી ફાર્મા, નિફ્ટી એફએમસીજી, નિફ્ટી ફાઈનાન્સ ઘટ્યા હતા. જ્યારે, નિફ્ટી મિડકેપ અને નિફ્ટી સ્મોલ કેપ લીલા નિશાન સાથે વધ્યા અને બંધ થયા. સોમવારે, સેન્સેક્સ પેકના ૧૯ શેર લાલ નિશાન સાથે બંધ થયા, જ્યારે ૧૧ શેર લીલા નિશાન સાથે બંધ થયા. તેમાંથી ટાટા સ્ટીલનો શેર સૌથી વધુ ૧.૬૮% વધીને બંધ રહ્યો હતો. એ જ રીતે જેએસડબ્લ્યુ સ્ટીલ, એચસીએલ ટેક, એક્સિસ બેંક, પાવરગ્રીડ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાઈટન, એનટીપીસીના શેરમાં વધારો નોંધાયો હતો.

## તંત્રી લેખ...

# મોંઘવારીની સાથેસાથે ફૂગાવાએ પણ માથું ધૂણાવ્યુ

વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતાં ભારતનું અર્થતંત્ર પણ હવે વિરાટરૂપ લઈ ચુક્યું છે. ૫ ટ્રીલીયન અમેરિકન ડોલરનું અર્થતંત્ર ઉભું કરવા માટે બનાવેલા રોડ મેપ પર અર્થતંત્રની ગાડી પૂરપાટ ઝડપે દોડી રહી છે ત્યારે આર્થિક વિકાસમાં ક્યાંય નકારાત્મક પરિબળો હાવી ન થઈ જાય તે માટે સરકારની નટ ચાલની ડગલેને પગલે કસોટીઓ થતી રહે છે. મોંઘવારી અને ફુગાવા જેવા નકારાત્મક પરિમાણોને કાબૂમાં લઈ માંગ અને પૂરવઠાના નિયમોની અમલવારીથી આર્થિક વેગ પ્રાપ્ત કરવામાં આવી રહી છે. અર્થતંત્રની રાજ્યકોષિય ખાધનો ખાડો પૂરવા નોટો છાપી નાખવાથી અર્થતંત્ર મજબૂત બનતું નથી. નક્કર આર્થિક સધ્ધરતા માટે ઉત્પાદન, માંગ, પૂરવઠા અને આર્થિક સંતુલનના સમીકરણો એકરૂપ કરવા જોઈએ. વસ્તુની પડતર કિંમત જેમ બને તેમ ઓછી રાખી ઉત્પાદન વધારવાની સાથેસાથે માંગ મુજબનો પૂરવઠો જળવાઈ રહે તો ભાવ વધારા જેવા પરિમાણોનો સામનો કરવો પડતો નથી. પરંતુ જો ઉત્પાદન ખર્ચ વધી જાય તો મોંઘવારી વધે અને પૂરવઠો સમયસર ન પહોંચે તો ઉભી થનારી કૃત્રિમ અછતથી કૃત્રિમ ભાવ વધારો ફૂગાવાઓનો જન્મદાતા બને છે. વર્તમાન પરિસ્થિતિમાં જ્યારે સમગ્ર વિશ્ર્વમાં કોરોના લોકડાઉનથી અટકી પડેલા ઉદ્યોગીક ઉત્પાદનની ખાધથી માંગ સામે પૂરવઠો અટકી જતા મોંઘવારીના દર ઉંચકાયા છે. વૈશ્ર્વિક ક્રૂડ ઓઈલના ઉત્પાદન અને માલની ઉથલ પાથલથી મોંઘવારીની સાથેસાથે ફૂગાવાએ પણ માથું ધૂણાવ્યુ છે તેવા સંજાગોમાં વિશ્ર્વની સૌથી મોટી આર્થિક મહાસત્તા તરફ મક્કમપણે આગળ વધતાં ભારતના શાસકો અને ખાસ કરીને અર્થશાસ્ત્રીઓ માટે અત્યારે એક-એક ડગલું સમજી-વિચારીને ભરવા જેવું છે. અલબત્ત કેન્દ્ર સરકારે કરેલા આગોતરા આયોજન અને કેળવેલી દીધર્દ્રષ્ટિથી વિશ્ર્વમાં જ્યારે લોકડાઉન અને ઉદ્યોગીક વેપારી અને પરિવહન ઉદ્યોગ ઠપ્પ થઈ ગયું હતું ક્રૂડ ઓઈલની માંગ ઘટતાં વૈશ્ર્વિક તેલ બજારમાં કાચા તેલના બેરલના ભાવ સાવ તળીયે ચાલ્યા ગયાં હતા ત્યારે પણ ભારતે ક્રૂડ ઓઈલ અને ડોલરની ખરીદી ચાલુ રાખી બફર સ્ટોક મજબૂત કર્યુ સાથે સાથે ઘર આંગણે ઉભી થયેલી રાજકોષિય ખાધ સરભર કરવા પેટ્રોલ-ડીઝલના ભાવોની એક્સાઈઝ ડ્યુટીમાં સમય પ્રમાણે વધારો કરી આવક જાણવી રાખી હતી. સરકારની આ સમય સુચકતાથી વિદેશી ભંડોળની પરિસ્થિતી જળવાઈ રહી અને જ્યારે સમગ્ર વિશ્ર્વના અર્થતંત્ર અને બજારો પડી ભાંગી ત્યારે ભારતમાં અર્થતંત્રની પરિસ્થિતી સ્થિર રહી હતી. અર્થતંત્રમાં નાણાંની તરલતા માંગ અને પૂરવઠાનું સંતુલન અને ભાવ વધારા અને ફૂગાવા જેવા નકારાત્મક પરિમાણો સામે મજબૂત, આર્થિક પરિબળો થકી જ અર્થતંત્રને સધ્ધર બનાવી શકાય. મોંઘવારી અને ફુગાવા વચ્ચે સંતુલન કરવા માટે માંગ અને પૂરવઠાનો નિયમ જરાપણ વિચલીત ન થાય.

# યા દેવી સર્વભૂતેષુ મા ચંદ્રઘંટા રૂપેણ સંસ્થિતા નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમ :



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



માતા દુર્ગાની ત્રીજી શક્તિનું નામ ચંદ્રઘંટા છે. નવરાત્રિના ત્રીજા દિવસે તેમની પૂજા કરવામાં આવે છે. અસુરોના વિનાશ માટે માતા દુર્ગાથી દેવી ચંદ્રઘંટા તૃતીય સ્વરૂપ માં પ્રગટ થયા.દેવી ચંદ્રઘંટાને ભયંકર દૈત્ય સેનાનો સંહાર કરીને દેવતાઓને તેમનો હકઅપાવ્યો હતો.ચંદ્રઘંટા માતા દુર્ગાનું જ શક્તિરૂપ છે. જે સંપૂર્ણ જગની પીડાનો નાશ કરે છે. દેવી ચંદ્રઘંટા ની પૂજા કરવાથી ભક્તોને વાંછિત ફળ પ્રાપ્ત થાય છે. એટલા માટે જ ત્રીજા દિવસની પૂજાને અત્યધિક મહત્વપૂર્ણ માનવામાં આવી છે.

દેવીનું સ્વરૂપ-દેવી ચંદ્રઘંટાનું શરીર સોનાની જેમ ક્રાંતિવાન છે. તેમના માથા પર ઘંટ આકારનો અર્ધચંદ્ર છે, એટલા માટે તેમને ચંદ્રઘંટા કહેવામાં આવે છે. તેમની દસ ભુજાઓ છે અને દસેય ભુજા ઓમાં અસ્ત્ર-શસ્ત્ર છે. દેવીના હાથોમાં કમળ,ધનુષ-બાણ કમંડળ, તલવાર,ત્રિશૂળ અને ગદા દેવા અસ્ત્ર ધારણ કરેલ છે. તેમના કંઠમાં સફેદ પુષ્પની માળા અને રત્ન જડિત મુગટ શીર્ષ પર વિદ્ય માન છે. દંવી ચંદ્રઘંટા ભક્તોને અભય વરદાન આપનારી અને પરમ કલ્યાણકારી છે. તેમના રૂપ અને ગુણો પ્રમાણે આજે તેમની પૂજા કરવામાં આવશે.

ચંદ્રઘંટા શક્તિની પૂજા અને સાધનાથી મણિપુર ચંદ્ર જાગૃત થાય છે. તેમની પૂજા કરવાથી વીરતા-નિર્ભયતાની સાથે જ સૌભાગ્ય તથા વિનમ્રતાનો વિકાસ થાય છે.તેમની પૂજાથી મુખ,નેત્ર તથા સંપૂર્ણ કાયામાં ક્રાંતિ વધવા લાગે છે. સ્વર દિવ્ય અને મધુર થવા લાગે છે. માતા ચંદ્રઘંટાની પૂજા કરનારાઓને શાંતિ અને સુખનો અનુભવ થવા લાગે છે. માતા ચંદ્રઘંટાની કૃપાથી દરેક પ્રકારના પાપ અને બધા પ્રકારની બાધાઓ દૂર થઈ જાય છે. ભક્તોના કષ્ટોનું નિવારણ ઝડપ થી થઈ જાય છે. દેવી ચંદ્રઘંટાની કૃપા થી પરાક્રમ વધે છે.માતાને સુગંધ પ્રિય છે. તેમનું વાહન સિંહ છે. તેમની પૂજાથી અહંકાર દૂર થાય છે.

ત્રીજા નોરતે માતા ચંદ્રઘંટાને દૂધ તથા દૂધમાંથી બનેલી વાનગીઓ કે મીઠાઈઓનો ભોગ ધરાવવો જોઈએ તેનાથી સાધકને અનેક પ્રકારના કષ્ટો કે દુઃખમાંથી મુક્તિ મળે છે.આજે ત્રીજું નોરતું છે તો માં શક્તિના ત્રણેક ગરબાની રમઝટ તો...

ચપટી ભરી ચોખાને ઘીનો છે. દીવડો શ્રીફળની જોડ લઈએ રે.... હાલો હાલો પાવાગઢ જઈએ રે માને મંદિરીયે સુથારી આવે,સુથારી આવે માના બાજોઠ લઈ આવે, બાજોઠની જોડ લઈને રે... હાલો માને મંદિરીયે કસુંબી આવે, કસુંબી આવે માની ચુંદડી લઈ આવે, ચૂંદડીની જોડ અમે લઈએ રે... હાલો... માને મંદિરીયે સોનીડો આવે,સોનીડો આવે માનાં ઝાંઝર લઈ આવે, ઝાંઝરની જોડ અમે લઈએ રે... હાલો... માને મંદિરીયે માળીડો આવે, માળીડો આવે, માના ગજરા લઈ આવે, ગજરાની જોડ અમે લઈએ રે... હાલો... માને મંદિરીયે ઘાંચીડો આવે,ઘાંચીડો આવે માનાં દીવડાં લઈ આવે,દીવડાંની જોડ અમે લઈએ રે... હાલો... કોઈ રાજપરા જઈને રીઝાવો જગ જનની ખોડલ મા ખમકારે મારી માટેલ વાળીને મનાવો જગ જનની ખોડિયારમા ખમકારે કોઈ રાજપરા જઈને રીઝાવો જગ જનની ખોડલમા ખમકારે ખોડિયાર મા ખમકારે ભાવેના શેરની ભાગોળે શોભતું રૂડું રાજ પરુ ગામ મનના મનોરથ ફળશે માનવીઓ ધરા તાંતણીયે જાવ તમે ઝાડીયો ડુંગરની ગજાવો જગ જનની ખોડલ મા ખમકારે

કોઈ રાજપરા જઈને રીઝાવો જગ જનની ખોડલ મા ખમકારે મારી મગરવાળીને મનાવો જગ જનની ખોડિયારમા ખમકારે ખોડિયારમા ખમકારે...

ઢોલીડા ઢોલ તું ધીમો વગાડ ના, ધીમો વગાડના...જોજે રંગ જાય ના... ધ્રૂજે ના ધરતી તો રમઝટ કહેવાય ના, રમઝટ કહેવાય ના... રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના,પૂનમની રાતડીને આંખડી ઘેરાય ના, આંખડી ઘેરાય ના... રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જો જે રંગ જાય ના.. રઢિયાળી રાતડી ની જોજે રંગ જાય ના,જોજે રંગ જાય ના.. હો. ચમકતી ચાલ અને ઘૂઘરીનો ઘમકાર હો...નુપૂરના નાદ સાથે તાળીઓના તાલ ગરબે ઘૂમતાં માને કોઈથી પ હોંચાય ના, કોઈથી પહોંચાય ના... રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જોજે રંગ જાય ના... હો...વાંકડિયા વાળ અને ટીલડી લલાટ હો...મોગરાની વેણીમાં શોભે ગુલાબ નીરખી નીરખીને મારું મનડું ધરાય ના, મનડું જોજે રંગ જાય ના,.. હો... સોળે શણગાર સજી,રૂપનો અંબાર બની હો...પ્રેમનું આંજણ આંજી, આવી છે માડી મારી આછી આછી ઓઢણીમાં રૂપ માનું માય ના, તેજ માનું માય ના... રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના, જોજે રંગ જાય ના... ઢોલીડા ઢોલ તું ધીમે વગાડ ના, ધીમે વગાડ ના... રઢિયાળી રાતડી નો જોજે રંગ જાય ધરાય ના... રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના,ના, જોજે રંગ જાય ના...

વાચક ચાહક મિત્રો, આજે ત્રીજું નોરતું માં ચંદ્રઘંટાસ્વરૂપાની પૂજા અર્ચના થશે.આપ સૌ શક્તિ આરાધના ઉપાસનાની સાથે ગરબાની રમઝટમાં કયાંક ને ક્યાંક જોડાયા હશો. ડુપ્લીકેટ ખાદ્ય પદાર્થોનું સામ્રાજય બેફામ થઈ રહયું છે. એટેક કેન્સર જેવા રોગોએ માનવ જીવને ઘેરાવા ઝડપ વધારી છે ત્યારે છેલ્લે એ જ પ્રાર્થના કે માનવ માનવ થાય અને સ્વાર્થ લોભ લાલચ છોડી શ્રમની કામાણી કરી સુખી નીરામયી જીવન જીવે અન્યને જીવવા દે.અસ્તુ. મા શક્તિ સૌનું રક્ષણ કરે.

# સોશિયલ મીડીયાનો ઉપયોગ યોગ્ય રીતે જ થવો જોઇએ



સોશિયલ મીડીયાના વાઈરલ વાયરસ સામે હવે સજાગતા આવી છે. સરકારની સાથેસાથે ન્યાયતંત્ર પણ સોશિયલ મીડીયા પ્લેટફોર્મના ભય સ્થાનો અંગે સજાગ બનીને સોશિયલ મીડીયાના ગેરઉપયોગ સામે યોગ્ય વ્યવસ્થાના હિમાયતી બન્યાં છે. સોશિયલ મીડીયા પ્લેટફોર્મનો ઉપયોગ બાળકોની રમત નથી તેની ગંભીરતા અને પ્લેટફોર્મના સંચાલકોની જવાબદારી ફિક્સ થવી જોઈએ. સોશિયલ મીડીયા પ્લેટફોર્મ પર વ્યક્તિગત પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવી પ્રવૃતિઓ કોઈપણ સંજોગોમાં ચલાવી ન લેવાય. અત્યારે પ્રસાર માધ્યમનો ટેકનોલોજીના માધ્યમથી ખૂબ જ વિકાસ થઈ રહ્યો છે. સતત સોશિયલ મીડિયાનો યુઝ કરવાથી તમે આળસુ થઈ જાવો છો. આ માટે બને ત્યાં સુધી તમે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાનું ટાળો. ઘણાં લોકો દિવસમાં ૫ થી ૬ કલાક જેટલો સમય સોશિયલ મીડિયામાં આપતા હોય છે. જો તમને પણ આવી આદત છે તો તમારે સુધારવાની જરૂર છે. તમારી આ આદત તમને આળસુ બનાવી દે છે. આંગળીના ટેરવે સમગ્ર વિશ્ર્વને હાથવગુ બનાવનાર ડીઝીટલ મીડીયા પર આચાર સંહિતા અને નિયંત્રણ હોવું જોઈએ. અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલીયાથી લઈને જાપાન જેવા ટેકનોલોજી કિંગ અને બિઝનેસ ટાઈકૂન ચીન પણ વાઈરલ વાઈરસ સામે સૌથી વધુ સજાગ છે. અમેરિકા જેવા શક્તિશાળી દેશને પણ ગત પ્રમુખ પદની ચુંટણીમાં વાઈરલ વાઈરસનો કડવો અનુભવ થઈ ચુક્યો છે. વિશ્ર્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતા ભારતમાં ડીઝીટલ પ્લેટફોર્મ સરકાર અને કાયદાના સંપૂર્ણ નિયંત્રણમાં હોય તે જરૂરી છે. આજના આ સમયમાં અનેક લોકો સોશિયલ મીડિયાનો વધુ પ્રમાણમાં ઉપ યોગ કરી રહ્યા છે. આ એક જાતનું લોકો માટે વ્યસન બની ગયું છે. જો કે આ વ્યસનમાંથી બહાર આવવું ખૂબ જરૂરી છે. જો તમે આમાંથી બહાર આવવા ઈચ્છતા નથી તો તમારી સ્વાસ્થ્યને અનેક ઘણી તકલીફો પડે છે અને તમે અનેક નાની-મોટી બીમારીઓથી સંકળાયેલા રહો છો. આ સાથે જ તમને જણાવી દઈએ કે જો તમે પણ સોશિયલ મીડિયાનો બહુ ઉપયોગ કરો છો તો હવેથી બંધ કરી દેજો. આ એક એવું વાતાવરણ ઉભું કરે છે જેના કારણે તમે એનો પીછો છોડી શકતા જ નથી. તો આજના આ દિવસે તમે પણ જાણી લો સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગથી સ્વાસ્થ્યને થતા આ નુકસાન વિશે. દિલ્હી હાઈકોર્ટે પોતાના અવલોકનમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે સોશિયલ મીડીયાનો ઉપયોગ બાળકની રમતની જેમ ન થવો જોઈએ. વ્યક્તિગત પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે તેવા કધટેન્ટથી લઈને મેસેજ ફોરવર્ડ કરવા સુધીની સામાન્ય ગણાતી બાબતો પણ કાયદાથી નિયંત્રિત હોવી જોઈએ.

**શીર્ષક : નવરાત્રી સ્પેશિયલ**

# મા ચંદ્રઘંટા સોનાનો ગરબો શિરે ધરીને અવની પર રાસ લેવા પધારી ચૂકી છે, જે સમસ્ત જગતનાં કલ્યાણનું શુભ શુકન છે



લેખક : ફાલ્ગુની વસાવડા

**કનકધારા સ્તોત્ર વિશેના એક લેખમાં લખ્યું હતું કે લક્ષ્મી અને અલક્ષ્મી બંને સગી બહેનો છે, અને અલક્ષ્મી લક્ષ્મી કરતા મોટી બહેન છે વિલક્ષણ બુદ્ધિમાન મનુષ્ય જેમના પ્રીતિપાત્ર બની એમની કૃપાદષ્ટિના પ્રભાવથી સ્વર્ગપદને અનાયાસે જ પ્રાપ્ત કરી લે છે, એ કમલના આસન પર બિરાજેલી કલા-લક્ષ્મીની એ વિકસિત કમળગર્ભ સમાન કાન્તિથી દષ્ટિ મને મોભિલાષિત પુષ્ટિ સર્જાત્યાદિની વૃદ્ધિ પ્રદાન કરે**

હે મા જગત જનની.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે ત્રીજું નોરતું એટલે કે નવદુર્ગાના ચંદ્રઘંટા સ્વરૂપનો મહિમા. પ્રથમ શૈલપુત્રી એટલે પર્વતમાંથી નીકળતા ઝરણાં જેવી અલ્લડ મસ્તી ધારી, દ્વિતીય બ્રહ્મચારિણી એટલે બ્રહ્મચર્યનું પાલન કરનારી કિશોરી અને ચંદ્રઘંટા એટલે યુવાનીના ઉંબરે ઉભેલી યુવતી કે જેના મનમાં પ્રેમ નામની ઉર્મિનો પ્રાદુર્ભાવ થઈ ચૂક્યો છે, અને એ રાસ રમવા નીસરી છે. સોનાનો ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે, કનક એટલે કે સુવર્ણ જેવા ચમકતા અને ગૌર વર્ણ વાળી મા જગત જનની જગદંબાનાં શિરે જે ગરબો ધારણ કર્યો છે, એ પણ સુવર્ણનો છે, એવી આ ગરબામાં કલ્પના છે. આદિ શક્તિ પરામ્બા ભગવતીના વિલાસથી આ સૃષ્ટિનું સર્જન થયું છે, એવી પણ માન્યતા છે એટલે મા જગદંબાના શિરે બ્રહ્માંડ છે, અને એમાં પૃથ્વી રુપી આ ગ્રહ છે, જે સૂર્યપ્રકાશથી પ્રકાશિત છે. જેને કારણે એ સોનાનો લાગે છે, સૂર્યપ્રકાશથી તો સુવર્ણમય પૃથ્વીની કલ્પના કરવી એ કંઈ બહુ અઘરું નથી. પરંતુ આ પૃથ્વી પર વસનારા દરેકના સંસ્કાર સોના જેવા ચમકતા છે, અને જેને કારણે આ પૃથ્વી દૈદિપ્યમાન છે, એ વધુ યથાર્થ છે. પણ કલ્પના અઘરી છે. એમાં પણ કાળ સંગત આજે તો દરેકની માનસિકતા રૂપિયાના ચળકાટમાં સંસ્કાર ધોવાઈ જતા હોય તો ભલે ધોવાઈ જાય, એવું પણ ખરું! ધન એશ્વર્યાની સૌને જરૂરત છે, એ વાત કબુલ! પરંતુ આપણે એ લક્ષ્મીના શુદ્ધ સ્વરૂપને આરાધીએ કે જેનાથી આપણું તથા અન્યનું મંગલ થાય. લક્ષ્મીજીના ચરિત્ર વિશે વાંચતી હતી તો, કનકધારા સ્તોત્ર વિશેના એક લેખમાં લખ્યું હતું કે લક્ષ્મી અને અલક્ષ્મી બંને સગી બહેનો છે, અને અલક્ષ્મી લક્ષ્મી કરતા મોટી બહેન છે. જેના ઘરમાં લક્ષ્મીનો વાસ છે, એનું જીવન ધન ધાન્ય અને એશ્વર્યાથી તો કદાચ ભરેલું હોય, પરંતુ એના જીવનમાં સુખ શાંતિ સંતોષ, ખુશી કે આનંદ હોતા નથી, અને તે સતત અશાંત તથા ઉપદ્રવી જીવન જીવે છે.પહેલાના કાળમાં તો તેને દાનવ અથવા દૈત્યો કહેવાતાં. આપણે સૌ જાણીએ છીએ કે રાક્ષસો પાસે પણ કંઈ ધંધાની કે એશ્વર્યા ઓછા નહોતા પરંતુ એમને ત્યાં લક્ષ્મી નહીં પરંતુ આ લક્ષ્મીનો વાસ હોવાથી એ અન્યનું છીનવી લેવામાં અન્યને મારી નાખીને પોતાનું સામ્રાજ્ય વધારવામાં માનનારા હતા. પણ આજે હવે દાનવ જેવી શ્રેણી નથી, માત્ર માનસિકતાથી તેને અલગ કરી શકાય, અને એ પણ મુખોટા સજ્જનના હોય ત્યાં દુર્જન કેમ ઓળખાય? બીજાનું છોડીએ પણ આપણે આ કનકધારા સ્તોત્રથી જો ધન ઐશ્વર્ય મેળવીશું,તો એનો ઉપયોગ આપણે અન્યના જીવન નષ્ટ કરવા માટે, કે તેના જીવનમાં અશાંતિ વધારવા માટે નહીં કરીએ, પણ આપણાં



ઉપરાંત અન્યનાં જીવનમાં પણ ખુશી અને આનંદ આવે એવો પ્રયત્ન કરીશું,આવો એક શુદ્ધ સંકલ્પ પણ કરવો પડશે, અને આ એક જ યુગ પરિવર્તનની રીત છે. આધુનિકતા ની રીતે તો યુગ પરિવર્તન થયું પણ એમાં આપણા જાળવવા જેવા સંસ્કાર પણ હોમાઈ ગયા! એટલે કાળની તીવ્રતા વધું અનુભવાય છે. જો હજી નહીં જાગીએ તો આવનારા દિવસો આનાથી પણ ભયંકર હશે, આ એક વૈશ્વિક ચેતવણી છે! એટલે જો જીવન એવી કગાર પર આવે નહીં! એમ ઈચ્છતા હોઈએ તો આપણા એક માટે નહીં! પણ સર્વત્ર શુભ મંગલ ની વરસા થાય એ માટે કનકધારા સ્તોત્ર ગાઈએ.

કનકધારા સ્તોત્રઃ-

દદ્યાદયાનુ પવનો દ્રવિણાંબુધારાં
અસ્મિન્નકિંચન વિહંગ શિશૌ વિષણ્ણે ।
દુષ્કર્મઘર્મમપનીય ચિરાય દૂરં
નારાયણ પ્રણયિની નયનાંબુવાહઃ ॥ ૯ ॥
ગીર્દેવતેતિ ગરુડધ્વજ સુંદરીતિ
શાકંબરીતિ શશિશેખર વલ્લભેતિ ।
સૃષ્ટિ સ્થિતિ પ્રળય કેળિષુ સંસ્થિતાયૈ
તસ્યૈ નમસ્ત્રિભુવનૈક ગુરોસ્તરુણ્યૈ ॥ ૧૦ ॥

જે ભગવતી લક્ષ્મી સૃષ્ટિ-કીડાના અવસરે વન દેવતા શક્તિના સ્વરૂપમાં બિરાજમાન થાય છે, અને પાલન-કીડા વખતે ભગવાન ગરુડધ્વજ અથવા વિષ્ણુ ભગવાનની સુંદર પત્ની લક્ષ્મી વૈષ્ણવી શક્તિના સ્વરૂપમાં સ્થિત હોય છે, તથા પ્રલયલીલા સમયે શાંકામ્ભરી એટલે કે ભગવતી દુર્ગા અથવા ભગવાન શંકરની પ્રિય પત્ની પાર્વતી રુદ્રશક્તિના રૂપે વિદ્યમાન થાય છે, એ ત્રિલોકના એકમાત્ર ગુરુ ભગવાન વિષ્ણુની નિત્ય યાવના પ્રેમિકા ભગવતી લક્ષ્મીજીને મારા નમસ્કાર છે.

શ્રુત્યૈ નમોઽસ્તુ શુભકર્મ ફલપ્રસૂત્યૈ
રત્યૈ નમોઽસ્તુ રમણીય ગુણાર્ણવાયૈ ।
શક્ત્યૈ નમોઽસ્તુ શતપત્ર નિકેતનાયૈ
પુષ્ટ્યૈ નમોઽસ્તુ પુરુષોત્તમ વલ્લભાયૈ ॥ ૧૧ ॥

હે માતા લક્ષ્મી! શુભ કર્મફળ પ્રદાયિની! શ્રુતિસ્વરૂપમાં તમને પ્રણામ છે. રમન્નીય ગુણોથી યુક્ત દેવી ! સમુદ્રસ્વરૂપા રતિના રૂપમાં સ્થિત તમને નમસ્કાર છે ! શતપત્રવાળા કમળકુંજમાં નિવાસ કરનારી શક્તિરૂપ લક્ષ્મીજી તમને નમસ્કાર છે તથા પુરુષોત્તમ શ્રીહરિની અત્યંત પ્રાણપ્રિયા પુષ્ટિરૂપા લક્ષ્મીજી ! તમને નમસ્કાર છે.

નમોઽસ્તુ નાળીક નિભાનનાયૈ
નમોઽસ્તુ દુગ્ધોદધિ જન્મભૂમ્યૈ ।
નમોઽસ્તુ સોમામૃત સોદરાયૈ
નમોઽસ્તુ નારાયણ વલ્લભાયૈ ॥ ૧૨ ॥

કમળ સમાન મુખવાળી કમલાને નમસ્કાર છે ! ક્ષીર સમુદ્રમાં ઉત્પન્ન થનારી શ્રી દેવીને પ્રણામ છે. ચંદ્રમા અને અમૃતની સહોદર બહેનનેનમસ્કાર છે! ભગવાન નારાયણાની પ્રેયસી લક્ષ્મીને નમસ્કાર છે.

કનકધારા સ્તોત્રના ભાવ પરથી આપણે એક ભાવ નિશ્ચિત રૂપે તારવી શકીએ છીએ કે સ્તોત્રનો મુખ્ય ભાવ પ્રસંશા રહ્યો છે. એટલે કે વિષ્ણુ ના પ્રિયા એવાં મા આદ્યશક્તિ લક્ષ્મી સ્વરૂપની કૃપાથી જ સઘળાં કાર્ય સંપન્ન થાય છે, અને એવી લક્ષ્મીની કૃપા દ્રષ્ટિ અમો પર બની રહે. વિષ્ણુને આપણે ત્યાં પાલન કરતાં દેવ તરીકે સ્વીકારવામાં આવ્યા છે, એટલે કે સમસ્ત જગતનું લાલન પાલનનું કર્મ ભગવાન વિષ્ણુના હસ્તક છે. સીધો સાદો અર્થ કરીએ, તો કોઈ એક બે જણનાં લાલન પાલનની જવાબદારી આપણે સ્વીકારીએ, તો વિષ્ણુપ્રિયા લક્ષ્મી આપણે ત્યાં નિવાસ કરશે, અને એ લક્ષ્મીનું શુદ્ધ સ્વરૂપ હોવાથી આપણા તથા અન્યના જીવનમાં આનંદ મંગલનો ભાવ વધારશે. વિચાર્યા વગરનું વાપરીએ તો ''વાપરતા ધન ખૂટે'' પણ રામ નામની સાથે રામ કામ એટલે કે વિષ્ણુ બની અન્યનું લાલન પાલન કરવાથી જેમ રામ રતન ધન પાયો, એમ એવું કરનારના જીવનમાં સદા બરકત જોવા મળે છે, એને ધન ઐશ્વયની ક્યારે કમી વર્તાતી નથી. પણ મૂળ માનસિકતા આપવાની હોવી જોઈએ, નહીં કે છીનવી લેવું! કે લઈ લેવું! આપણે જ્યારે ઈચ્છા કરી રહ્યા છીએ કે આપણે ત્યાં પણ કુબેર જેટલો ધન ભંડાર હોય, અથવા તો અત્યારના સંદર્ભમાં વિચારીએ તો મુકેશ અંબાણી કે રતન ટાટા જેટલી આપણી હેસિયત પણ ઊંચી થાય, તો પહેલા આપણી પાસે જે કંઈ છે એમાંથી અન્ય માટે નિસ્વાર્થ ભાવે વાપરવાનું શરૂ કર્યું દઈએ, તો કદાચ આપણી ઈચ્છા ઝડપથી પૂરી થાય. આમ પણ ખાલી હાથે આવ્યા છીએ, ને ખાલી હાથે જ જવાનું છે, એ સત્ય યાદ કરી, જીવનની આ જે બચીકૂચી ઘડીઓ છે, એમાં થોડું કર્મ પણ કમાઈ લઈએ! કે જેથી કરીને ધન તો સાથે લઈ જઈ શકવાના નથી, પરંતુ સારી નિયતથી કરેલું કર્મ આવતો ભવ પણ સુધારી શકે છે. આ અલક્ષ્મી ને લક્ષ્મી બનાવી આપણે સૌ ભગવાન વિષ્ણુના અનન્ય સ્વભાવ અનુસાર જે કંઈ થાય, એટલું અન્યનું લાલન પાલન કરી, એની પ્રિયા એટલે કે લક્ષ્મીનો આપણા ઘરે નિત્ય નિવાસ કરાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના મા જગત જનની જગદંબા ભગવતીના ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

## ડાયાબિટીસ કંટ્રોલ કરવા આ પાન ચાવવાની કરી દો શરૂઆત



આજકાલ ડાયાબિટીસના કેસ વધી રહ્યા છે. જેને કંટ્રોલ કરવા લોકો અનેક પ્રકારના નુસખા બતાવે છે. અમે પણ આજે આપના માટે બ્લડ સુગર કંટ્રોલ કરવાનો ઘરેલું નુસખો લઈને આવ્યા છીએ. શાશ્વત સિંહ, ઝાંસીઃ ડાયાબિટીસનો રોગ સતત વધી રહ્યો છે. ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા દરરોજ વધી રહી છે. બગડતી દિનચર્યા અને આહાર પર ધ્યાન ન આપવાને કારણે લોકોમાં બીમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે. આવી સ્થિતિમાં દરેક વ્યક્તિ એ જાણવા માંગે છે કે આવો કયો ઘરગથ્થુ ઉપાય છે. જેથી લોકોનું બ્લડ શુગર લેવલ કંટ્રોલમાં રહે અને તેઓ ડાયાબિટીસનો શિકાર ન બને. સંશોધનમાં જાણવા મળ્યું છે કે નાગરવેલના પાન ચાવવાથી તમારા બ્લડ સુગર લેવલને નિયંત્રણમાં રાખી શકાય છે. ફૂડ ટેક્નોલોજી નિષ્ણાત ડૉ. શુભાંગી નિગમે જણાવ્યું કે, નાગરવેલ એક આયુર્વેદિક દવા છે. જેનો ઉપયોગ સદીઓથી થઈ રહ્યો છે. સોપારી ઘણા ગંભીર રોગોને દૂર કરવામાં મદદ કરે છે જેમાંથી ડાયાબિટીસ પણ એક છે. ડાયાબિટીસ એ ખૂબ જ સામાન્ય રોગ છે, જેની સામે મોટાભાગના લોકો લડી રહ્યા છે. આવી સ્થિતિમાં તેની સામે રક્ષણ મેળવવું ખૂબ જ જરૂરી બની જાય છે. તો ચાલો તમને જણાવીએ આવા પાંચ પાન વિશે જે બ્લડ શુગર લેવલને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. ડાયાબિટીસ એ ખૂબ જ સામાન્ય રોગ છે, જેની સામે મોટાભાગના લોકો લડી રહ્યા છે. આવી સ્થિતિમાં તેની સામે રક્ષણ મેળવવું ખૂબ જ જરૂરી બની જાય છે. તો ચાલો તમને જણાવીએ આવા પાંચ પાન વિશે જે બ્લડ શુગર લેવલને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. બ્લડ શુગર લેવલમાં વધારો જેને સામાન્ય ભાષામાં ડાયાબિટીસ કહેવામાં આવે છે, તે આપણા શરીરને અંદરથી નબળું પાડે છે અને અનેક રોગોને જન્મ આપે છે. હાઈ અથવા લો બ્લડ સુગર લેવલ બંને હાનિકારક છે. આવી સ્થિતિમાં, શરીરના બ્લડ સુગર લેવલને નિયંત્રિત કરવું ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. ડાયાબિટીસથી પીડિત લોકો તેમના ડાયાબિટીસને નિયંત્રિત કરવા માટે સવાર-સાંજ દવાઓ લે છે અથવા કેટલાક લોકોએ ઈન્સ્યુલિન પણ લેવું પડે છે. પરંતુ જો તમે આ પાંચ પાનનું નિયમિત સેવન કરો છો, તો તમે બ્લડ સુગર લેવલને ઘણી હદ સુધી નિયંત્રિત કરી શકો છો. અશ્વગંધા એ ભારતીય જડીબુટ્ટીનું અણમોલ રતન છે. જેનો ઉપયોગ ઘણી રીતે થાય છે.

## દરરોજ આ ખાવાથી તમારી આંખો ગીધની જેમ થશે, અંધારામાં પણ સ્પષ્ટ જોઈ શકશો

ગાજર ખાવાથી આંખો માટે સારું માનવામાં આવે છે. તેમાં જોવા મળતા વિટામિન-એ અને બીટા-કેરોટિન આંખોને સ્વસ્થ રાખે છે, પરંતુ જો તમને ગાજર ખાવાનું પસંદ ન હોય તો શું. આવી સ્થિતિમાં, એક નવો અભ્યાસ તમને મદદ કરી શકે છે, જે દર્શાવે છે કે દ્રાક્ષ ખાવી આંખો માટે ગાજર જેટલી જ ફાયદાકારક છે. ૪ મહિના સુધી દરરોજ આ 'ચમત્કાર' ફળ ખાવાથી તમારી આંખો ગીધની જેમ તીક્ષ્ણ બની જશે અને તમે અંધારામાં પણ સ્પષ્ટ જોઈ શકશો! સિંગાપોરની નેશનલ યુનિવર્સિટીએ વિશ્વના સૌથી 'ચમત્કારી' ફળ વિશે જણાવ્યું છે, જે ખાવાથી આંખો માટે ફાયદાકારક છે.

આ ફળ દ્રાક્ષ છે, આંખો માટે દ્રાક્ષ કેવી રીતે ઉપયોગી છે?: ડેઈલીમેલના અહેવાલ મુજબ, ચાર મહિના સુધી દરરોજ માત્ર એક મુઠ્ઠી દ્રાક્ષ ખાવાથી આંખની તંદુરસ્તી સુધરે છે. તમારી દૃષ્ટિ સુધરે છે. તેનું રહસ્ય એ હકીકતમાં રહેલું છે કે આંખને સૌથી વધુ નુકસાન ઓક્સિડેટીવ તણાવને કારણે



થાય છે, અને દ્રાક્ષમાં એન્ટિઓક્સિડન્ટ્સ ખૂબ જ ઊંચી માત્રામાં જોવા મળે છે. આ કારણોસર દ્રાક્ષ આંખો માટે ફાયદાકારક છે. દ્રાક્ષ કોલેસ્ટ્રોલ પણ ઘટાડે છે.

સિંગાપોરની નેશનલ યુનિવર્સિટીએ દ્રાક્ષ ખાવી આંખો માટે ફાયદાકારક છે કે કેમ તે અંગે એક અભ્યાસ હાથ ધર્યો છે. યુનિવર્સિટીની ટીમે ૩૪ લોકો પર એક પ્રયોગ કર્યો હતો. ટીમે આમાંથી કેટલાક લોકોને ૧૬ અઠવાડિયા સુધી દરરોજ દોઢ કપ દ્રાક્ષ આપી અને કેટલાકને પ્લાસિબો આપ્યો. આ પ્રયોગના ચમત્કારિક પરિણામો તેમની સામે આવ્યા. દ્રાક્ષ ખાનારાઓએ મેક્યુલર પિગમેન્ટ ઓપ્ટિકલ ડેન્સિટી, પ્લાઝ્મા એન્ટીઑક્સિડન્ટ ક્ષમતા અને પ્લાસિબો ખાનારાઓની સરખામણીમાં કુલ ફિનોલિક સામગ્રીમાં નોંધપાત્ર વધારો દર્શાવ્યો હતો. જે લોકોએ દિવસે દ્રાક્ષ ખાધી ન હતી તેમનામાં નોંધપાત્ર રીતે ઓછા હાનિકારક ઓક્યુલર એડવાન્સ્ડ ગ્લાયકેશન એન્ડ પ્રોડક્ટ્સ હતા.

વધારો જોવા મળ્યો. આ અભ્યાસ ફૂડ એન્ડ ફંક્શન જર્નલમાં પ્રકાશિત થયો છે. અભ્યાસમાં એવું કહેવામાં આવ્યું છે કે આંખના રોગોના મુખ્ય પરિબળોમાં ઓક્સિડેટીવ તણાવ અને એજીઆઈનું ઉચ્ચ સ્તર સામેલ છે. સંશોધકોએ શોધી કાઢ્યું છે કે છર્ઈજ રેટિનાના વેસ્ક્યુલર ઘટકોને નુકસાન પહોંચાડીને, સેલ્યુલર કાર્યને નબળી પાડીને અને ઓક્સિડેટીવ તણાવનું કારણ બનીને આંખના ઘણા રોગોનું કારણ બની શકે છે.

## વર્ચ્યુઅલ મેક-અપ, મેક-અપ ખીલે અને સુંદરતા ફેલાવે

વર્ચ્યુઅલ મેક અપ વાસ્તવમાં કેટલીક એપ્સ ઘણી લોકપ્રિય બ્યુટી બ્રાન્ડ્સ માટે કસ્ટમાઈઝ કરવામાં આવી છે જેથી કોઈ જાણી શકે કે કોઈપણ બ્રાન્ડની કોઈપણ સુંદરતા તેનો વાસ્તવમાં ઉપયોગ કર્યા વિના તેના પર સારી લાગશે. આ માટે તમે તમારી વર્ચ્યુઅલ પ્રોફાઈલમાં આ બ્રાન્ડ્સનાં ઉત્પાદનોને વર્ચ્યુઅલ રીતે લાગુ કરી શકો છો અને જોઈ શકો છો કે તમે તેની સંભાળ કેવી રીતે રાખો છો. ઉદાહરણ તરીકે તમે આઈશેડો,લિપસ્ટિક, મસ્કરા, બ્લશ, ફાઉન્ડેશન અને અન્ય મેકઅપ પ્રોડક્ટ્સ લગાવીને વાસ્તવિક દેખાવ મેળવી શકો છો. આ બધું માત્ર થોડીક સેકંડ લે છે. આજકાલ બ્રાઈડલ મેક-અપ વર્ચ્યુઅલ રીતે ચેક કર્યા પછી જ કરવામાં આવે છે જેથી મેક-અપ ખીલે અને તેની સુંદરતા ફેલાવે. આ રીતે વર્ચ્યુઅલ મેકઅપ એ ખરેખર મેક અપ કર્યા વિના જાણવાની સુવિધા છે કે તમે ચોક્કસ મેક અપ કરીને સારા દેખાશો. તે હવામાં વાસ્તવિક રિહર્સલ જેવું છે.



ચોક્કસપણે આ એક ખૂબ જ ઉપયોગી અને ગ્રાહક મૈત્રીપૂર્ણ સુવિધા છે. વર્ચ્યુઅલ મેકઅપ કીટ આપણને સારા લાગે તેવા મેક અપ ઉત્પાદનો પસંદ કરવામાં પ્રામાણિકપણે મદદ કરે છે. વર્ચ્યુઅલ મેક અપ સ્નેપ ચાટના ડૉગી માસ્ક જેવો છે. આ સાધન અમને વધુ સારા દેખાવાની વાસ્તવિક અપેક્ષાઓ આપે છે. આ આખી રમત ટેકનિકલ છે. વર્ચ્યુઅલ મેક અપમાં પણ તમે તમારા મેક અપને દૂર કર્યા વિના પણ તમે જે ઉત્પાદનો અજમાવવા જઈ રહ્યા છો તે વિશે જાણી શકો છો. એડવાન્સ ફેસ ટ્રેક એલ્ગોરિધમ દ્વારા તમે એક સેકન્ડમાં જાણી શકશો કે મેક અપ લગાવ્યા પછી તમારી આંખો, હોઠ, ગાલ કેવા દેખાશે. આટલું જ નહીં વર્ચ્યુઅલ મેક અપ ટેક્નોલોજી એઆઈનો ઉપયોગ કરીને તમને જણાવે છે કે તમારો મેક અપ કેવી રીતે કરવો જેથી તમે ખૂબ જ સુંદર દેખાશો. આ ટેક્નોલોજી દ્વારા તમારા વર્ચ્યુઅલ બોડીમાં સ્પેશિયલ બ્યુટી થીમ લગાવીને તમે જાણી શકો છો કે તમારા પર કઈ સ્ટાઈલ સારી લાગશે. નિસ્તેજ ડિઝાઈન અને એસેસરીઝમાં ખૂબ જ સુંદર દેખાશે. તેથી ભવિષ્યમાં તૈયાર થવામાં ઓછો સમય લાગશે અને તમે વધુ પરફેક્ટ દેખાવ સાથે તૈયાર થઈ શકશો. અત્યાર સુધી વર્ચ્યુઅલ બ્યુટી અથવા વર્ચ્યુઅલ મેકઅપ ના રૂપમાં, ભારતમાં મહિલાઓને વર્ચ્યુઅલ રીતે શક્ય તેટલી સુંદર દેખાવાની રીતો અન્વેષણ કરવા માટે માત્ર આ જ સાધન મળ્યું છે. જો ભવિષ્યમાં આવી તમામ સવલતોનો ઉપયોગ રોજબરોજના જીવનમાં વર્ચ્યુઅલ પ્લેટફોર્મમાં કરવામાં આવે તો આપણી સર્જનાત્મકતાને વધુ સારી રીતે સમજી શકાય તેવો ફાયદો થશે.

## ૯૦ ટકા જેટલા પુષો એવું નથી કરી શકતા



સામાન્યપણે જ્યારે સ્ત્રીઓના સ્વભાવની જટિલતાને વ્યક્ત કરવી હોય તો લોકો સહેલાઈથી કહી દેતા હોય છે કે ખુદ ઈશ્વર પણ સ્ત્રીઓને સમજવામાં થાપ ખાઈ જતા હોય તો પામર મનુષ્યની તો શું લાયકાત? જો કે આ વાત ક્યાંકને ક્યાંક સાચી પણ છે. કુદરતે સ્ત્રીઓની શારીરિક અને માનસિક સંરચના જ એવી બનાવી છે કે તેમની વિચારશક્તિ પુષો કરતા પણ ઝડપી અને અલગ હોય છે. એક મહિલા એકસાથે ૩ કામ કરી શકે છે અને ત્રણેયમાં તેનું પૂરેપું ધ્યાન હોય છે. પરંતુ ૯૦ ટકા જેટલા પુષો એવું નથી કરી શકતા. જો કે ૧૦ ટકા પુષોમાં આ ક્ષમતા જોવા મળતી પણ હોય છે. અનેક પ્રકારના મનોવૈજ્ઞાનિક અને શારીરિક કાર્યક્ષમતાઓ સાથે જોડાયેલા સંશોધનોમાં આવી વિગતો બહાર આવી છે, જેમકે મહિલાઓની જીભમાં પુષો કરતા વધુ સ્વાદગ્રંથિઓ હોય છે જેને કારણે પુષોને ખાનપાનમાં અમુક જ ચીજવસ્તુઓ પસંદ આવે છે જ્યારે મહિલાઓની પસંદીદા વાનગીઓની યાદી ઘણી લાંબી હોય છે. આ જ વાત રંગોની બાબતમાં લાગુ પડે છે. સ્ત્રીઓ અનેક રંગ તથા તેના અવનવા શેડ્ઝને પારખી શકે છે. આથી તેઓ અલગ અલગ રંગમાં કપડાઓની માગ કરતી હોય છે જ્યારે પુષોના પહેરવેશમાં રંગોની એટલી વિવિધતા જોવા નથી મળતી. ફક્ત રંગો પારખવાની ક્ષમતા જ નહિ, પુષોની તુલનાએ સ્ત્રીઓમાં ભાવનાત્મક વિચારોની ક્ષમતા પણ વધુ હોય છે. સ્ત્રીઓ વધુ ખરાબ સપનાં જુએ છે. પુષો કલ્પનાશીલ હોય છે આથી તેમના સપના પણ સીમિત હોય છે. એ વાત અલગ છે કે હોલીવુડ અને બોલીવુડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આર્ટ અને ક્રિએટિવ ડિરેક્ટર પુષો વધારે હોય છે. જો સ્ત્રીઓને પણ છૂટ મળે તો કદાચ તેમની કલ્પનીશીલતાની પણ નવી ઉડાન જોવા મળે. જ્યારે કેટલીક સ્ત્રીઓએ તેમની વિચારધારા મુજબ ફિલ્મો બનાવી, ત્યારે તેમની કળાત્મકતામાં અનોખાપણું જોવા મળ્યું. ખાસ કરીને કલ્પના લાઝમી અને સઈ પરાંજપે જેવી મહિલા ફિલ્મ નિર્દેશકોએ તેમની ફિલ્મોમાં રંગોની અભિવ્યક્તિને નવી ઊંચાઈ આપી છે. જો કે નિર્ણય લેવાને મામલે સ્ત્રીઓમાં જબરજસ્ત દુવિધા જોવા મળે છે. તેઓ તેમના જીવનનો એક વર્ષથી પણ વધુનો સમય કયો પોષાક પહેરવો તે નક્કી કરવા પાછળ લગાડે છે. તેઓ એકઝાટકે નક્કી નથી કરી શકતા કે શું પહેરવું જોઈએ.

BOLLYWOOD NEWS FLASH

## સુગંધા મિશ્રા હાલ ગર્ભવતી છે



। મુંબઈ, તા.૧૬ ।

લોકપ્રિય અભિનેત્રી સુગંધા મિશ્રા ગર્ભવતી છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર પતિ સંકેત ભોસલે સાથે બીચ પર પોતાની એક સુંદર તસવીર શેર કરીને તેની ગર્ભાવસ્થા જાહેર કરી. સુગંધા મરૂન રંગના ડ્રેસમાં તેના પતિ સાથે રોમેન્ટિક પોઝ આપી રહી છે. તે એક બહુપ્રતિભાશાળી અભિનેત્રી છે, જે કોમેડી સિવાય મિમિક્રી અને સિંગિંગમાં પણ નિષ્ણાત છે. દર્શકોએ તેને 'ધ કપિલ શર્મા શો'માં અલગ-અલગ અભિનેત્રીઓની નકલ કરતા જોઈ છે. સુગંધા મિશ્રાએ તસવીરો સાથેના કેપ્શનમાં લખ્યું છે, 'શ્રેષ્ઠ હજુ આવવાનું બાકી છે. તમારી નવી આવૃત્તિ મળવા માટે રાહ જોઈ શકતા નથી. તમારા આશીર્વાદ અને પ્રેમ અમારા પર રાખો. ગૌહર ખાન, જેમી લીવર જેવા કલાકારો ઉપરાંત હજારો ચાહકોએ અભિનેત્રીને શુભેચ્છા પાઠવી હતી. સુગંધા મિશ્રા અને સંકેત ભોસલેના લગ્ન બે વર્ષ પહેલા ૨૮ એપ્રિલ ૨૦૨૧ના રોજ થયા હતા. સંકેત ભોસલે પણ ખૂબ જ લોકપ્રિય કોમેડિયન છે. ધ કપિલ શર્મા શો' છોડ્યા બાદ સુગંધા મિશ્રાએ સુનીલ ગ્રોવરથી દૂરી બનાવી લીધી હતી. ૩૫ વર્ષની અભિનેત્રી 'ધ કપિલ શર્મા શો' પહેલા 'ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જ'માં જોવા મળી હતી.

## Lakme Fashion Weekમાં અભિનેત્રી તમન્નાનો જલવો



। મુંબઈ, તા.૧૬ ।

સાઉથ અને બોલિવૂડમાં અલગ ઓળખ બનાવનારી એક્ટ્રેસ તમન્ના ભાટીયા તેના ગ્લેમરસ લૂકને લઈ ચર્ચામાં છે. તાજેતરમાં લેક્મે ફેશન વીક ૨૦૨૩માં એક્ટ્રેસ જોવા મળી હતી. આ શોમાં અભિનેત્રી લહેંગામાં જોવા મળી હતી. આ લૂકમાં એક્ટ્રેસ ખૂબ જ સુંદર લાગી રહી હતી. તમન્નાએ લેક્મે ફેશન વીકમાં હેવી અને સુંદર લહેંગો પહેર્યો હતો. અભિનેત્રીનો આ આખો લહેંગા મોતીથી જડાયેલો હતો. જે તેણે ફુલ સ્લીવ્ઝ ડીપનેક ડિઝાઈનના બ્લાઉઝ સાથે કેરી કર્યો હતો. તમન્નાએ લેક્મે ફેશન વીકમાં હેવી અને સુંદર લહેંગો પહેર્યો હતો, અભિનેત્રીનો આ આખો લહેંગા મોતીથી જડાયેલો હતો એક્ટ્રેસ આ નવા લૂકમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. ચાહકો આ લૂકને પસંદ કરી રહ્યા છે. તમન્નાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર શાનદાર તસવીરો શેર કરી છે. તમન્ના ભાટીયાએ પોતાની શાનદાર એક્ટિંગથી બોલીવૂડમાં એક અલગ જ ઓળખ બનાવી છે. અભિનેત્રી તમન્ના સોશિયલ મીડિયામાં પોતાની તસવીરો શેર કરી ચાહકો સાથે સતત સંપર્કમાં રહે છે.



Image

## શુભમન ગિલ સારા અલી ખાનને ડેટ કરી રહ્યો છે કે પછી સારા તેંડુલકર ને?

। મુંબઈ, તા.૧૬ ।

ઘણા મહિનાઓ પછી પણ ચાહકો એ સવાલ પર મૂંઝવણમાં છે કે શુભમન ગિલ સારા અલી ખાનને ડેટ કરી રહ્યો છે કે પછી સારા તેંડુલકર ને ? જ્યારે સારા તેંડુલકરે શુભમન ગિલની વાપસી પર ખુશી વ્યક્ત કરી ત્યારે એવું લાગતું હતું કે હવે તેમની વચ્ચે બધુ બરાબર છે, પ રંતુ શુભમન ગિલ પણ સારા અલી ખાન સાથે જોવા મળ્યો છે, જેના કારણે નેટીઝન્સ મૂંઝવણમાં છે કે સારા કયા સ્ટાર ક્રિકેટરને ડેટ કરી રહી છે? શુભમન અને સારા તેંડુલકર ઘણીવાર ઈન્સ્ટાગ્રામ પર એક જ લોકેશનની તસવીરો પોસ્ટ કરે છે, જેનાથી તેમના અફેરની અફવાઓ લોકોને સાચી લાગે છે. શુભમન અને સારા તેંડુલકર એકબીજાના પરિવારના સભ્યોને Instagram પર ફોલો કરે છે, જે તેમની ડેટિંગની અફવાઓને મજબૂત બનાવે છે. મજેદાર વાત એ છે કે બંને ઘણીવાર એકબીજાની પોસ્ટ પર લાઈક અને કોમેન્ટ કરે છે, પરંતુ જેમ જ તેમની ફેરની ચર્ચા થવા લાગે છે, તેઓ તેમ કરવાનું બંધ કરી દે છે. શુભમન અને સારા તેંડુલકર વચ્ચે બ્રેકઅપની અફવાઓ ત્યારે શરૂ થઈ જ્યારે શુભમનની એક પોસ્ટ વાયરલ થઈ, જેમાં લખ્યું હતું કે 'એન્જલ્સ સાથે પ્રેમમાં ન પડો.' સારા અલી ખાન સાથે શુભમન ગિલ પણ જોવા મળ્યો હતો.

બંને ગુપચુપ મળ્યા હતા, ત્યારબાદ તેમના અફેરની ચર્ચાઓ શરૂ થઈ હતી. આ મૂંઝવણ ત્યારે વધુ વધી જ્યારે શુભમનને સારા અલી ખાનને ડેટ કરવાના પ્રશ્ન પર સોનમ બાજવાના ચેટ શોમાં કહ્યું, 'મી ટુ, ના પણ.' સારા અલી ખાન અને શુભમન ગિલના ચાહકો જ્યારે તેમના બ્રેકઅપના સમાચાર સામે આવ્યા ત્યારે ચોંકી ગયા હતા. તેઓએ ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો પણ કર્યા, જે તેમના બ્રેકઅપની અફવાઓને પુષ્ટિ આપે છે. જ્યારે સચિને શુભમનને તેના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી, ત્યારે લોકોએ મજાકમાં કહ્યું હતું કે સારા તેંડુલકરે તેના પિતાના ખાતામાંથી શુભમનને તેના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હશે. શુભમન ગિલ કોને ડેટ કરી રહ્યો છે.



## સલમાન ખાનના શોમાં થઈ વિદેશી સ્પર્ધકની એન્ટ્રી

। મુંબઈ, તા.૧૬ ।

બિગ બોસ ૧૭ની શરૂઆત થઈ ગઈ છે. આ શો કલર્સ ટીવી પર પ્રસારિત થઈ રહ્યો છે. આ વખતે શોમાં ઘણા જાણીતી તહેરાઓ જોવા મળી રહ્યા છે. તેમાંથી એક છે વિદેશી સ્પર્ધક નાવીદ સોલ. આ સિઝનમાં નાવીદ સોલ વિદેશી ફ્લેવર ઉમેરતો જોવા મળશે. શોમાં પ્રવેશતાની સાથે જ નાવીદે પોતાનું ચાર્મ બતાવવાનું શરૂ કરી દીધું હતું. તે આવતાની સાથે ખૂબ જ એન્ટટેનિંગ લાગ્યો હતો. સલમાન ખાન પણ તેનાથી ઘણો પ્રભાવિત જોવા મળ્યો હતો. પરંતુ આખરે નાવીદ સોલ કોણ છે? બિગ બોસ ૧૭માં આવેલા ૨૯ વર્ષીય નાવીદ સોલે લંડનનો રહેવાસી છે. તેણે પોતાનો અભ્યાસ પણ લંડનમાંથી જ પૂરો કર્યો છે. નાવીદે લંડનની કિંગ્સ કોલેજમાંથી માસ્ટર ઓફ ફાર્મસીનો અભ્યાસ કર્યો છે. નાવીદ પોતાને બાયો-સેક્સ્યુઅલ કહે છે. તમને જણાવી દઈએ કે તેણે ઘણા ટીવી શોમાં પણ કામ કર્યું છે. જેમાં રિચ કિડ્સ ગો સ્કિન્ટ, બીબીસીનું ઈટીંગ વિથ માય એક્સ સીઝન ૨, આઈટીવી રીન્ડર સીઝન ૭ સામેલ છે. શો કરવા સિવાય નાવીદ સોલે લંડનમાં પોતાનો બિઝનેસ પણ ચલાવે છે. તેણે લંડનમાં ઘણી ફાર્મસીઓ ખોલી છે. નાવીદ તેના બંને વ્યવસાયને સારી રીતે સંભાળે છે. નાવીદ સોલે પોતાની એક ટ્વીટને લઈને ઘણો વિવાદમાં રહ્યો હતો. વાસ્તવમાં તે કોવિડ દરમિયાન તે લોકોમાં હતો. જેઓ કોરોના રસીની વિરુદ્ધ હતા. નાવીદ સોલે ઓગસ્ટ ૨૦૨૧માં ટ્વિટ કર્યું હતું કે તે 'રસીની વિરુદ્ધ' છે. નાવીદે આ અંગે અનેક ટ્વિટ પણ કર્યા હતા. જેમાં તેણે કોવિડ-૧૯ રસી અંગે ઘણી ભ્રામક માહિતી ફેલાવી હતી. તેમની આ ટ્વિટને લઈને ઘણો વિવાદ થયો હતો.



# દિવડા કોલોની ખાતે ઇન્ટરનેશનલ યર ઓફ મિલેટ ૨૦૨૩ “મીલેટ ડેવલોપમેન્ટ યોજના” કૃષિ મેળાનું આયોજન કરાયું



ભરતભાઈ એ. પંડ્યા

। દિવડા કોલોની, તા.૧૬ ।

કડાણા તાલુકામાં આવેલ દિવડા કોલોની ખાતે ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ ૨૦૨૩ “મીલેટ ડેવલોપમેન્ટ યોજના” અંતર્ગત તા. ૧૬-૧૦-૨૦૨૩ ના રોજ સવારે ૯-૦૦ કલાકે કૃષિ મેળાનું આયોજન કરાયું હતું. સૌ પ્રથમ દીપ પ્રાગટ્ય કરી દિવડા કોલોની પ્રાથમિક શાળા ની બાળાઓએ સ્વાગત ગીત દ્વારા આમંત્રિત મહેમાનોનું ભાવભેર સ્વાગત કર્યું હતું.ત્યાર બાદ પ્રો.શ્રી કુબેરભાઈ એમ. ડીડોર સાહેબ કેબિનેટ મંત્રી પ્રાથમિક માધ્યમિક પ્રૌઢ શિક્ષણ ગુજરાત રાજ્ય દ્વારા એ. જી. આર.૩ યોજના



હેઠળ ખેડૂતોમાં જાગૃતિ લાવવા માટે આધુનિક કૃષિ તંત્રિક્તા અને નવીનતમ સંશોધનની માહિતી આપી હતી. દેશી ગાય દ્વારા પ્રાકૃતિક કૃષિ, સેન્દ્રિય ખાતર, જૈવિક ખાતર અંગેની વિવિધ પદધતિઓ અંગેની જાણકારી આપી હતી આ અંગેના પુસ્તકોનું પણ સ્ટોલ મારફતે વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

# “સ્વચ્છતા હી સેવા અભિયાન” : દેવભૂમિ દ્વારકા જિલ્લો ખંભાળિયા બસ સ્ટેશન ખાતે મહાનુભાવો દ્વારા સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઇ



। દેવભૂમિ દ્વારકા, તા.૧૬ ।

સમગ્ર દેશમાં “સ્વચ્છતા હી સેવા” અભિયાનની સફાઈ ઝુંબેશ પૂરજોશમાં ચાલી રહી છે. ‘સ્વચ્છતા હી સેવા’ ઝુંબેશને સફળ બનાવવા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને આ-હવાન કર્યું છે, ત્યારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો હેઠળ રાજ્યભરમાં આગામી બે મહિના સુધી સ્વચ્છતા હી સેવા અભિયાન ચાલનાર છે. જેના ભાગરૂપે આજરોજ જામ-ખંભાળિયા બસ સ્ટેશન ખાતે મહાનુભાવો દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ. ડી.ધાનાણી, ખંભાળિયા નગર પાલિકા પ્રમુખ શ્રીમતી રચનાબેન મોટાણી સહિત અધિકારીઓ, કર્મચારીઓ તેમજ સફાઈ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યના કેબિનેટ મંત્રી કુબેરભાઈ ડિંડોર તથા સાંસદ જસવંતસિંહ ભાભોરના વરદ હસ્તે તાલુકા પંચાયત કચેરી સંતરામપુરના નવીન મકાનનું લોકાર્પણ કરાયું



સંતોષ જોશી બ્યૂરોઈન ચીફ

। સંતરામપુર, તા.૧૬ ।

આજ રોજ મહીસાગર જિલ્લાના સંતરામપુર નગર ખાતે મહીસાગર જિલ્લા પ્રભારી અને રાજ્ય સરકાર મહેસૂલ મંત્રી શ્રી, રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબ તથા દાહોદ લોકસભાના સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર સાહેબના વરદ હસ્તે તાલુકા પંચાયત કચેરી સંતરામપુરના નવીન મકાનનું લોકાર્પણ. સંતરામપુરનો કૃષિ મેળો તથા મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત અમૃત કળશ યાત્રાનો ત્રિવેણી કાર્યક્રમ યોજાયો જેમાં તાલુકા પંચાયત કચેરીના પટાંગણ માં પંચાયત કચેરીના લોકાર્પણ સાથે કૃષિ પાકોના વિવિધ સ્ટોર ઊભા કરાયા હતા જેમાં બાજરો બંટી જેવા વિવિધ પાકોનું ઉત્પાદન કૃષિક્ષેત્રે વધારવા તેમજ ખેડૂતને વિવિધ પ્રકારના પાકોની માહિતી આપી અમૃત કળશમાં સંતરામપુર તાલુકા ના અનેક ગામોમાંથી લાવેલ માટી એકત્રિત કરવામાં આવી. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પાર્ટી પ્રમુખ દશરથભાઈ બારીયા સાહેબ, ઉપપ્રમુખ જશોદાબેન, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ નંદાબેન ખાંટ, બાંધકામ સમિતિના ચેરમેન નિકિતાબેન શાહ, તાલુકા પંચાયત પ્રમુખ હરીશભાઈ વળવાઈ, પૂર્વ ધારાસભ્ય ડૉ ભામત સાહેબ, મંડળ પ્રમુખ બળવંતભાઈ પટેલીયા સાહેબ, મહામંત્રી છગનભાઈ માલ અને ભરતભાઈ પટેલ, પ્રદેશ એસ. ટી. મોરચાના ઉપાધ્યક્ષ રમેશભાઈ ભાભોર તથા સરકારી કર્મચારીઓ તાલુકા જિલ્લા પંચાયતના સદસ્યો, ભાજપ પાર્ટીના કાર્યકર્તાઓ તેમજ પત્રકારગણ સેંકડોની સંખ્યામાં આમ જનતા ઉપસ્થિત રહી હતી. છેલ્લે તાલુકા વિકાસ અધિકારીશ્રી ભરવાડ સાહેબની બદલી અને બઢતી મળતા મંચસ્થ મહાનુભાવો દ્વારા શાલ ઓઢાડી વિદાય આપી હતી.

## જૂનાગઢના આંગણે પ્રથમવાર વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ જૂનાગઢ સમિટ

# સ્વચ્છતા હી સેવાનાં ભાવ સાથે જૂનાગઢ જિલ્લાનાં વરિષ્ઠ અધિકારીઓ અને પદાધિકારીઓ સફાઇ અભિયાનમાં થયા સહભાગી

। જૂનાગઢ, તા.૧૬ ।

માનવ જીવનમાં સ્વચ્છતા એ મહત્વનું સ્થાન ધરાવે છે. સ્વચ્છતા જીવનની પ્રાથમિક જરૂરિયાત છે. સ્વચ્છ રહેવાથી ઘણી બધી સમસ્યાઓથી મુક્તિ મેળવી શકીએ છીએ. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કહેતા હતા કે, “સ્વચ્છતા એ જ સેવા છે”. આપણો દેશ હોય કે આપણું જીવન, સ્વચ્છતા ખૂબ જ જરૂરી છે. ગંદકી આસપાસના વાતાવરણની સાથે આપણા જીવનને પણ અસર કરે છે.ત્યારે વડાપ્રધાનશ્રીએ સ્વચ્છતા હી સેવાનાં નારાને ઝીલીને આજે જૂનાગઢનાં મેયરશ્રી ગિતાબેન પરમાર, સ્ટેન્ડીંગ સમિતીનાં ચેરમેનશ્રી હરેશભાઇ પરસાણા, જિલ્લા કલકેટરશ્રી અનિલ રાણાવશીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મિરાંત પરીખ, નિવાસી અધિક કલેક્ટર શ્રી પી.જી.પટેલ, અગ્રણી સુશ્રી પલ્લવીબેન ઠાકર, નગરસેવકશ્રી ધર્મેશ પોશીયા, રેલ્વેસ્ટેશન માસ્તર શ્રી ભટ્ટ, વિભાગિય એસ.ટી. નિયામકશ્રી શાહ, ડેપો મેનેજરશ્રી વી.એમ. મકવાણા, સહિત વિવિધ વિભાગનાં અધિકારીઓ, અગ્રણીશ્રીઓ, સફાઇ કામદારો સાથે સફાઈ અભિયાનમાં જોડાયા હતા.

આ તકે કલેકટરશ્રીએ માધ્યમકર્મીઓ સાથે વાત કરતા જણાવ્યુ હતુ કે જીવનમાં સ્વચ્છતા સાથે જીવવું એટલે સ્વસ્થ જીવવું. સ્વચ્છતા થી જીવવાની ટેવ આપણા જીવનની ગુણવત્તામાં વધારો કરે છે. સ્વચ્છતા એ આપણા જીવનનો મહત્વનો ભાગ છે, સ્વચ્છતાને



જીવનમાં વણી લેવી જોઈએ. કલેકટરશ્રીએ જિલ્લામાં સાર્વજનિક સ્થળો સહિત વિવિધ સ્થળો પર આગામી સમયમાં હાથ ધરાનાર સ્વચ્છતા અભિયાનની જાણકારી આપી હતી.

કલેકટરશ્રી અને અગ્રણીઓ દ્વારા રેલ્વે સ્ટેશને સફાઈ અભિયાન દરમ્યાન રેલ્વે સ્ટેશન ખાતે પ્રવાસીઓ સાથે સ્વચ્છા અંગે સંવાદ સાધ્યો હતો. આ દરમ્યાન કલેકટરશ્રી રાણાવશીયાએ સ્વચ્છતા અભિયાન દરમિયાન વંથલી તાલુકાના ભાટિયા ગામના મીથીલ હિતેશભાઈ બજાણિયા નામના એક નાના બાળક સાથે સંવાદ કરતા બાળકને પૂછવામાં આવ્યું કે આ કચરો ક્યા નાખવો જોઈએ ત્યારે બાળક દ્વારા સુંદર જવાબ આપવામાં આવ્યો કે આ કચરો કચરાપેટીમાં નાખવો જોઈએ. આટલી નાની ઉંમર માં સ્વચ્છતા માટે આટલી સમજદારી બદલ કલકેટરશ્રીએ બાળક તથા સારા સંસ્કાર આપવા બદલ તેમના માતા-પિતાને અભિનંદન પાઠવ્યા હતા.

# વાઈબ્રન્ટ રાજકોટ થકી ૨૦ હજાર લોકોને રોજગારી મળશે : પ્રભારી મંત્રીરાઘવજીભાઈ પટેલ



। રાજકોટ, તા.૧૬ ।

વાઈબ્રન્ટ ગુજરાત -વાઈબ્રન્ટ રાજકોટ કાર્યક્રમના આરંભ પૂર્વે જ રૂપિયા ૪૭૦૯ કરોડથી વધુની રકમના ૧૮૫ જેટલા સમજૂતિ કરાર (મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડિંગ-એમ.ઓ.યુ.) કરવામાં આવ્યા છે, જેના પરિણામે આગામી દિવસોમાં ઔદ્યોગિક વિકાસ સાથે ૨૦ હજારથી વધુ લોકોને રોજગારી મળશે, તેમ રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે આજે શાપર વેરાવળ ખાતે જણાવ્યું હતું. મહત્વનું છે કે, વાઈબ્રન્ટ રાજ-કોટ સમિટ પૂર્વે જ રૂ.૪૭૦૯ કરોડના એમ.ઓ.યુ. થઈ ગયા હતા. જ્યારે સમિટના પ્રારંભની જ સાથે વધુ રૂ. ૧૭૦૦ કરોડ મળીને રૂ.૬૪૦૯.૮૧ કરોડ તેમજ એ સિવાયના મળીને કુલ રૂ. ૬૮૫૮ કરોડના એમ.ઓ. યુ. બપોર સુધીમાં જ થઈ ગયા છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટના ૨૦ વર્ષની ઉજવણી નિમિત્તે, રાજકોટમાં શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના બિઝનેસ સર્વિસ સેન્ટર ખાતે, આજથી બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ રાજકોટ સમિટ શરૂ થઈ છે. આ સમિટનું ઉદઘાટન કરતા મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે ઉદ્યોગકારોને સંબોધતા કહ્યું હતુ કે, વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડ-પ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ પ્રથમ વાઈબ્રન્ટ સમિટ શરૂ કરાવી ત્યારે દુનિયા ઉપહાસ કરતી હતી. પરંતુ દીઘર્દ્રષ્ટા વડાપ્રધાનશ્રી મોદીએ પારખ્યું હતું કે, વિકાસ કરવો હોય તો રાજ્યને ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે આગળ લઈ જવું જ પડશે.

# સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ખેડા જિલ્લામાં મહાનુભાવોની જાહેર પ્રતિમાઓ અને જાહેર સ્થળોમાં સ્વચ્છતાનાં કાર્યો કરવામાં આવ્યા

। નડિયાદ, તા.૧૬ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નિર્મળ ગુજરાતના આપેલા વિચારને સ્વચ્છતા હી સેવા અભિયાન સાથે જોડી સમગ્ર ગુજરાતને સ્વચ્છ-સુઘડ બનાવવાની નેમને ચરિતાર્થ કરવા સ્વચ્છતા હી સેવા અભિયાન અન્વયે આગામી બે મહિના સુધી રાજ્યવ્યાપી સ્વચ્છતા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવી છે. ત્યારે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ખેડા જિલ્લામાં મહાનુભાવોની જાહેર પ્રતિમાઓ અને જાહેર સ્થળોમાં સ્વચ્છતાનાં કાર્યો કરવામાં આવ્યા. જેમાં મહુધાના અલીણા ગામ ખાતે, કપડવંજના આંત્રોલી ગામ ખાતે ગાંધીજીની પ્રતિમા, કપડવંજના અંતિસર અને કરકરીયા ગામમાં તેમજ ગળતેશ્વર તાલુકાના પાલી ગામમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા અને ઠાસરા તાલુકાના મંજીપુરા ગામ ખાતે ડૉ. ભીમરાવ આંબેડકરની પ્રતિમા સહિત તેની આસપાસના વિસ્તારમાં સફાઈનાં કાર્યો



કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સ્વચ્છતા હી સેવા અંતર્ગત ઠાસરા તાલુકાના બોરડી, વનોતિ તથા મીઠાપુરા ગામ ખાતે બસ સ્ટેન્ડ, કઠલાલ તાલુકાના કાણીયેલ ગામ ખાતે અને મહુધાના સિંગાલી ગામ ખાતે, ખેડા તાલુકાના ઢઠાલ ગામ ખાતે તળાવની આસપાસ અને મહેમદાવાદ તાલુકાના ગોઠાજ ગામમાં જાહેર જગ્યાઓ અને રસ્તાઓની સાફ સફાઈ કરવામાં આવી હતી.

# ‘સ્વચ્છતા એજ સેવા’ અભિયાન નગરના તમામ ચોક, પ્રતિમાઓ, સ્મારકોને સ્વચ્છ બનાવવાના હેતુથી છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા સાફ સફાઈ કરાઈ

। છોટાઉદેપુર, તા.૧૬ ।

‘સ્વચ્છતા એજ સેવા’ અભિયાન અન્વયે છોટાઉદેપુર શહેરના તમામ મુખ્ય માર્ગો, ચોક, ચાર રસ્તાઓ, મહાનુભાવોની પ્રતિમાઓ, સ્મારકો તેમજ તેની આજુબાજુના વિસ્તારની સાફ-સફાઈ કરવામાં આવી હતી.

‘સ્વચ્છતા એજ સેવા’ અભિયાન હેઠળ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લાના વિવધ સ્થાનો, જાહેર સ્થળો સ્વચ્છ બને તે માટે શહેરના મુખ્ય માર્ગો, બજારો, શાકભાજી માર્કેટ સહિતના પાણીના સ્રોત સ્વચ્છ બને અને ત્યાં ગંદકી ફેલાય



નહીં તેમજ પાણી પણ સ્વચ્છ બને તેવા હેતુથી તેમની આજુબાજુના વિસ્તારની સાફ-સફાઈ કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજરોજ નગરપાલિકાના વિસ્તારમાં આવેલ બીરસમુંડા મહારાજજી, સરદાર ગાર્ડન સામે આવેલ ગાંધીજીની પ્રતિમા, તેમજ મહિલા પોલીસ સ્ટેશનની સામે તેમજ નગરમાં આવેલ અન્ય પ્રતિમાઓની સાફ સફાઈ કરવામાં આવેલ હતી. નગરપાલિકાના કમ્ચીગીઓ દ્વારા નગરના લોકોને સ્વરછતા અભયાન અન્વયે જાગૃત કરવામાં આવેલ છે. હજુ આવનારા દિવસોમાં લગભગ ૮ અઠવાડિયા સુધી તમામ વિસ્તારોને કચરા મુક્ત કરી છોટાઉદેપુર જીલ્લાના તમામ સ્થળોએ આવા અભિયાન ચલાવવામાં આવનાર છે.

# નેશનલ આઇસ સ્ટોક સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ ૨૦૨૩મા ડાંગના ૬ ખેલાડીઓ ઝળક્યા

। પુણે, તા.૧૬ ।

તારીખ ૧૧ થી ૧૩ ઓક્ટોબર દરમિયાન મહારાષ્ટ્ર રાજ્યના પુણે ખાતે યોજાયેલ નેશનલ આઈસ સ્ટોક સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ ૨૦૨૩ રમતમા ડાંગ જિલ્લાના ૬ યુવા ખેલાડીઓએ અલગ અલગ કેટેગરીમા કુલ ૧૯ મેડલો મેળવી રાજ્ય અને જિલ્લાનુ નામ રોશન કર્યુ છે.

તાજેતરમા મહારાષ્ટ્ર રાજ્યના પુણેના બાલેવાડી સ્ટેડિયમ ખાતે યોજાયેલ નેશનલ આઈસ સ્ટોક સ્પોર્ટ્સ સમર ચેમ્પિયનશિપ ૨૦૨૩ યોજાઈ હતી. જેમા ગુજરાત રાજ્યના કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લિધો હતો. જેમા ડાંગ જિલ્લાના ૭ વિદ્યાર્થીઓએ ભાગ લિધો હતો. સિનિયર છોકરીઓની રમતોમા આહવા તાલુકાના નાંદનપેડા ગામની વિદ્યાર્થીની સહારે ભાવનાબેન અનદભાઈએ ટીમ ગેમમા ગોલ્ડ મેડલ અને ટીમ ટાર્ગેટ, ટીમ ડિસ્ટન્સમા બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. જ્યારે જુનીયર છોકરીઓની રમતમા જોશી અનન્યાબેન મહેન્દ્રભાઈ ટીમ ગેમમા સિલ્વર મેડલ, ટીમ ટાર્ગેટમા ગોલ્ડ મેડલ અને ટીમ ડિસ્ટન્સમા બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આકાંક્ષાબેન જેકબભાઈ ટીમ ગેમમા સિલ્વર મેડલ, ટીમ ટાર્ગેટમા ગોલ્ડ મેડલ, ટીમ ડિસ્ટન્સમા બ્રોન્ઝ મેડલ અને એન્ટિવિઝન ટીમ ડિસ્ટન્સમા બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

જુનિયર છોકરાઓની રમતમા મિતેશભાઈ ગોકુલભાઈ પરદેશીએ ટીમ ગેમમા, ટીમ ટાર્ગેટ, ટીમ ડિસ્ટન્સમા ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. સમજદારી પૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. પરિવારના સભ્ય ેતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો. તમારૂં નાનકડું પગલું તેમનો ઉત્સાહ વધારશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. વેપારમાં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. આજે આંધળો પ્રેમ પ્રાપ્ત કરવાનું તમે શક્યા કરી દેખાડશો. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી સ્વાસ્થ્ય તથા શક્તિ બચાવવાની આદત તમને ખૂબ જ મદદ કરશે કેમ કે તમે લાંબી મુસાફરી પર જવાની યોજના ઘડી રહ્યા છો. વ્યસ્ત સંયપત્રક છતાં તમે થાક સાથે આસાનીથી કામ પાડી શકશો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમે તમારી મોહિની તથા તમારૂં બુદ્ધિચાતુર્ય વાપરશો તો તમે લોકો પાસેથી ધાર્યું કામ કઢાવી શકશો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો?



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમે તમારા ભાગીદાર પર પૂરતું ધ્યાન નહીં આપો તો તે તમારાથી નારાજ થઈ જશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ક્ષણિક આવેગમાં આવી જઈ આર્થિક બાબતોનો નિર્ણય લેશો નહીં, આવું કરવાથી તમારા બાળકોના હિતોનું નુકસાન થઈ શકે છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે અને શક્ય હોય તો ધૂમ્રપાન કરતા મિત્ર સાથે ઊભાં ન રહો કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. ઝડપ થી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. સફળતા ચોક્કસ જ તમારી છે- જો તમે મહત્વના ફેરફારો એક સમયે એક પગલું લઈને કરશો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો.

## હુમલાનું રેકોર્ડિંગ કરતા હમાસના આતંકીનું મોત પણ કેમેરામાં કેદ થયું



। તેલઅવિવ, તા.૧૬ ।

હમાસનો એક આતંકવાદી ઈઝરાયેલીઓ પર કરવામાં આવી રહેલા હુમલાનું રેકોર્ડિંગ કરી રહ્યો હતો. આ દરમિયાન આ વીડિયોમાં તેનું પોતાનું જ મોત રેકોર્ડ થઈ ગયું. હમાસનો એક આતંકવાદી દક્ષિણી ઈઝરાયેલના કિબુત્ઝ સોફામાં હુમલાનું રેકોર્ડિંગ કરી રહ્યો હતો. આ દરમિયાન તેણે વીડિયોમાં પોતાનું મોત પણ કેદ કરી લીધું. એક અહેવાલ પ્રમાણે આ વીડિયો ૭ ઓક્ટોબરનો છે. જ્યારે હમાસના આતંકવાદીઓએ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં જોઈ શકાય છે કે, હમાસ આતંકવાદી ગોપ્રો કેમેરાની મદદથી વીડિયો બનાવી રહ્યો છે અને એક બીજો આતંકવાદી સામે ચાલી રહ્યો છે. આ વીડિયોને જોઈને એવું લાગે છે કે, હમાસના આ બંને આતંકવાદીઓ ઈઝરાયેલીઓને શોધી રહ્યા છે. આ વચ્ચે અચાનક ગોળીઓ ચાલવાનો અવાજ આવે છે. ત્યારબાદ વીડિયો રેકોર્ડ કરનાર આતંકવાદી અચાનક પીડાથી ચીસો પાડતા નીચે ઢળી પડે છે અને પછી અનેક ગોળીઓનો અવાજ સંભળાય છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે હમાસના આ આતંકવાદીને ઈઝરાયેલના સૈનિક અથવા સ્થાનિક સુરક્ષા અધિકારીએ ઠાર કર્યો હતો. આ ઘટનાનો સમગ્ર વીડિયો કેમેરામાં કેદ થઈ ગયો હતો. ૭ ઓક્ટોબરના રોજ હમાસ દ્વારા ઈઝરાયેલ પર કરાયેલા અચાનક હુમલા બાદ ઈઝરાયેલે યુદ્ધનું એલાન કરી દીધુ હતું. ત્યારથી બંને દેશો વચ્ચે સતત હુમલા ચાલુ છે.

### સમગ્ર યુરોપમાં પેલેસ્ટાઇનના લોકોના સમર્થનમાં દેખાવો

# પહેલા સપોર્ટ કર્યા બાદ ઇઝરાયલને કેમ વોર્નિંગ આપી રહ્યા છે અમેરિકા

। નવી દિલ્હી, તા.૧૬ ।

હમાસ સાથેના યુદ્ધમાં અમેરિકા ખુલ્લેઆમ ઈઝરાયલનું સમર્થન કરી રહ્યું છે. પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને સ્પષ્ટ કર્યું છે કે તેઓ ગાઝા પટ્ટી પર ઈઝરાયલના કબજાને સમર્થન આપતા નથી. તેમણે કહ્યું કે જો ઈઝરાયલ ગાઝા પર કબજો કરે છે તો તે મોટી ભૂલ હશે. જો કે, બાઈડને કહ્યું કે તેઓ ઈચ્છે છે કે હમાસનો સંપૂર્ણ નાશ થાય, કારણ કે હમાસ તમામ પેલેસ્ટિનિયન લોકોનું પ્રતિનિધિત્વ કરતું નથી. વાસ્તવમાં બાઈડનને એક ઈન્ટરવ્યૂમાં સવાલ કરાયો હતો કે શું તેઓ આ સમયે ગાઝા પર ઈઝરાયેલના કબજાને સમર્થન આપશે? તેના પર બાઈડને કહ્યું, મને લાગે છે કે આ એક મોટી ભૂલ હશે. મારા મતે ગાઝામાં જે બન્યું તેના માટે હમાસ જવાબદાર છે. હમાસ તમામ પેલેસ્ટિનિયન લોકોનું પ્રતિનિધિત્વ કરતું નથી અને મને લાગે છે કે ગાઝા પર ફરીથી કબજો કરવો ઈઝરાયેલ માટે ભૂલ હશે. અમે ઉગ્રવાદી હમાસ અને હિઝબુલ્લાહને બહાર કાઢવા માટે અંદર જઈ રહ્યા છીએ. આ એક મહત્વપૂર્ણ પગલું છે.

જ્યારે બાઈડનને પૂછવામાં આવ્યું કે શું તેઓ માને છે કે હમાસ સંપૂર્ણ રીતે નષ્ટ થાય? આના પર તેમણે કહ્યું, હા પણ પેલેસ્ટાઈન ઓથોરિટીની જરૂર છે. પેલેસ્ટિનિયન રાજ્યના માર્ગની જરૂરી છે. હમાસે ૭ ઓક્ટોબરે ગાઝા પટ્ટીમાંથી ઈઝરાયેલ પર હુમલો કરીને બધાને ચોંકાવી દીધા હતા. હમાસ દ્વારા હજારો રોકેટ છોડવામાં આવ્યા હતા. એટલું જ નહીં હમાસના હુમલાખોરોએ હવાઈ, દરિયાઈ અને સરહદ દ્વારા ઈઝરાયલની સરહદમાં ઘૂસી ગયા હતા અને નાગરિકો પર હુમલો કર્યો હતો.

આ હુમલામાં ઈઝરાયલમાં ૧૩૦૦ લોકોના મોત થયા છે. જેમાં ૨૯ અમેરિકન નાગરિકોનો સમાવેશ થાય છે. એટલું જ નહીં, હમાસે સેંકડો લોકોને બંધક પણ બનાવ્યા હતા. ત્યારથી ઈઝરાયલ ગાઝા પટ્ટીમાં હમાસના ઠેકાણાઓ પર હવાઈ હુમલાઓ કરી રહ્યું છે. ઈઝરાયલના હુમલાને કારણે ગાઝામાં અત્યાર સુધીમાં ૨૬૭૦ લોકોના મોત થયા છે. ૯,૬૦૦ લોકો ઘાયલ થયા છે. હમાસના ઘણા કમાન્ડરો પણ માર્યા ગયા છે. હમાસના હુમલા બાદ બાઈડને ઈઝરાયલને સમર્થન જાહેર કર્યું છે. એટલું જ નહીં અમેરિકાએ ઈઝરાયલના સમર્થનમાં પોતાના યુદ્ધ જહાજો અને વિમાનો પણ તૈનાત કર્યા છે. અમેરિકાએ ઈરાન સહિત અન્ય દેશોને પણ આમાં ભાગ ન લેવાની સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે.

### મદુરાઈમાં સોમનાથને જણાવ્યું

## ઈસરો કરશે કમાલ : ચંદ્રયાન બાદ હવે ગગનયાનની તૈયારી

। નવી દિલ્હી, તા.૧૬ ।



સૂર્ય મિશન આદિત્ય L-1 બાદ ઈસરો હવે ગગનયાન મિશનની તૈયારી કરી રહ્યું છે. ઈસરો ચીફ એસ સોમનાથે ભારતના ગગનયાન મિશનને લઈને કેટલાય ખુલાસા કર્યા છે. તેમણે જણાવ્યું છે કે, અંતરિક્ષના રહસ્યોની શોધ કરવા માટે ૨૧ ઓક્ટોબરના રોજ ગગનયાન મિશનની પ્રથમ ફ્લાઈટ મોકલવામાં આવશે. ત્યાર બાદ ત્રણ અને ટેસ્ટ ફ્લાઈટ મોકલીશું. મદુરાઈમાં રવિવારે સોમનાથને જણાવ્યું કે, ૨૧ ઓક્ટોબરે પહેલી ટેસ્ટ વ્હીકલ ડેવલપમેંટ ફ્લાઈટ (TV-D1) બાદ અમારુ D2, D3 અને ડ્ઢ૪ નું પ્લાનિંગ છે. તેને ટેસ્ટમાં ક્રૂ મોડ્યૂલને આઉટર સ્પેસમાં લોન્ચ કરવું, પૃથ્વીની આસપાસ લાવવું અને બંગાળની ખાડીમાં ટચડાઉન બાદ તેને રિકવર કરવાનું સામેલ છે. ક્રૂ મોડ્યૂલ ગગનયાન મિશન દરમ્યાન અંતરિક્ષ યાત્રિઓને આઉટર સ્પેસમાં લઈ જશે.

ગગનયાન મિશન માટે ક્રૂ એસ્કેપ સિસ્ટમને શાનદાર પ્રદર્શન કરવા માટે ટેસ્ટિંગની જરુરિયાત છે. ગગનયાનમાં ક્રૂ એસ્કેપ સિસ્ટમ એક ખૂબ જ મહત્વની સિસ્ટમ છે. જો રોકેટને કંઈ પણ થાય તો રોકેટના વિસ્ફોટમાં સળગતા પહેલા કમસે કમ બે કિમી દૂર ચાલક દળને લઈ જઈને બચાવે છે. એટલા માટે આ પરીક્ષણ ક્રૂ મેમ્બર્સના એસ્કેપની સિસ્ટમને પ્રદર્શિત કરવા માટે છે.

### પ્રસિદ્ધ શિલ્પકાર રામ સુતારે બનાવી છે આ પ્રતિમા

# મેરીલેન્ડમાં ડો. આંબેડકરની સૌથી ઊંચી પ્રતિમાનું અનાવરણ

**ભારત બાદ હવે દુનિયાના સૌથી વિકસિત દેશ અમેરિકામાં પણ જય ભીમના નારા ગુંજવા લાગ્યા છે**

। મેરીલેન્ડ, તા.૧૬ ।



ભારત બાદ હવે દુનિયાના સૌથી વિકસિત દેશ અમેરિકામાં પણ જય ભીમના નારા ગુંજવા લાગ્યા છે. તેના કારણે ભારતની બહાર ભારતીય સંવિધાન નિર્માતા ડો. ભીમરાવ આંબેડકરની સૌથી મોટી પ્રતિમાનું ઔપચારિક રીતે અનાવરણ અમેરિકાના મેરીલેન્ડ શહેરમાં કર્યું છે. એક દિવસ પહેલા શનિવારે ૧૯ ફુટ ઊંચી આ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું છે. તેનું નામ સ્ટેચ્યૂ ઓફ ઈક્વાલિટી એટલે કે સમાનતાની પ્રતિમા આપવામાં આવ્યું છે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, આ દરમ્યાન અમેરિકાના વિવિધ ભાગમાંથી ૫૦૦થી વધારે ભારતીય- અમેરિકી નાગરિકો ઉપરાંત ભારતથી અને અન્ય દેશોમાંથી કેટલાય લોકો સામેલ થયા હતા. અનાવરણના સમયે હાજર લોકોએ જય ભીમના નારા પણ લગાવ્યા હતા. સ્ટેચ્યૂ ઓફ ઈક્વાલિટીના અનાવરણ સમારંભમાં સામેલ થવા માટે લોકો ભારે વરસાદ બાદ પણ અડગ રહ્યા હતા. કેટલાય લોકોએ તો આ ઐતિહાસિક કાર્યક્રમમાં સામેલ થવા માટે લગભગ ૧૦ કલાક સુધી લાંબી યાત્રા પણ કરી હતી. દેશના અલગ અલગ ભાગમાંથી આવેલા ભારતીય-અમેરિકનોએ ત્યાં કેટલાય પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા. તો વળી અમેરિકામાં આંબેડકરવાદી આંદોલનનું નેતૃત્વ કરનારા દિલીપ મ્હાસ્કેએ કાર્યક્રમમાં ભાગ લેતા કહ્યું કે, સ્ટેચ્યૂ ઓફ ઈક્વાલિટી ૧.૪ અબજ ભારતીયો અને ૪.૫ મિલિય ભારતીય અમેરિકનોનું પ્રતિનિધિત્વ કરશે. દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની છે. તેને સ્ટેચ્યૂ ઓફ યૂનિટીનું નામ આપવામાં આવ્યું છે.

## એર ઈન્ડિયાના વિમાનનું કરાચી એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ


। કરાચી, તા.૧૬ ।

પાકિસ્તાનના કરાચી એરપોર્ટ પર એર ઈન્ડિયાના વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવાઈ હતી. આ વિમાન દુબઈથી અમૃતસર આવી રહ્યું હતું પરંતુ અચાનક એક પેસેન્જર માટે મેડિકલ ઈમરજન્સીની સ્થિતિ સર્જાઈ. જેના કારણે વિમાનને તાત્કાલિક અસરથી ત્યાં લેન્ડ કરવાની ફરજ પડી હતી. જોકે દર્દીની હાલત બગડતાં તેને તાત્કાલિક સહાય માટે આ વિમાનને કરાચીમાં લેન્ડ કરવામાં આવ્યું હતું. કરાચી એરપોર્ટ પરના ડૉક્ટરે જરૂરી દવાઓ લખી અને તબીબી તપાસ કર્યા પછી એરપોર્ટની મેડિકલ ટીમે ટેક ઓફ માટે મંજૂરી આપી. એર ઈન્ડિયા એક્સપ્રેસના પ્રવક્તાએ કહ્યું છે કે વિમાનમાં સવાર એક મુસાફરની તબિયત અચાનક ખરાબ થઈ ગઈ હતી. મુસાફરની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને, ફ્લાઈટના ક્રૂએ તાત્કાલિક મેડિકલ સારવાર અર્થે નજીકના એરપોર્ટ કરાચીમાં ઈમરજન્સી લેન્ડિંગનો નિર્ણય લીધો હતો.

# ફ્રાન્સ 30,000 ભારતીય સ્ટુડન્ટને આવકારવા તૈયાર

**ફ્રાન્સ ઈચ્છે છે કે વધુમાં વધુ ભારતીય સ્ટુડન્ટ અહીં ભણવા આવે અને બંને દેશો વચ્ચેના સંબંધો ગાઢ બને**

। નવી દિલ્હી, તા.૧૬ ।



તાજેતરમાં ભારત અને કેનેડાના સંબંધોમાં તણાવ આવ્યો છે. આ સંબંધો સુધરે તે અગાઉ ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ શરૂ થયું છે જેના કારણે હવે બધાનું ધ્યાન મિડલ ઈસ્ટ તરફ ગયું છે. ભારત અને કેનેડાનો મુદ્દો હાલમાં એક બાજુ રહી ગયો છે. આ દરમિયાન ભારતીય વિદ્યાર્થીઓ કેનેડા સિવાયના દેશો તરફ નજર દોડાવી શકે છે. હાયર એજ્યુકેશન માટે અમેરિકા અને કેનેડા ઉપરાંત યુરોપ પણ ભારતીય સ્ટુડન્ટમાં ફેવરિટ છે.

યુરોપનો દેશ ફ્રાન્સ આગામી છ વર્ષમાં ૩૦,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓને આવકારવા માટે તૈયાર છે. ભારતથી જે વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે ફ્રાન્સ જાય છે તેમને ઘણી વખત વિઝાને લગતા પ્રશ્નોનો સામનો કરવો પડે છે. જોકે, હવે આ સમસ્યા ઉકેલાઈ જશે તેમ ફ્રાન્સના ભારત સ્થિત રાજદૂતે જણાવ્યું છે. ફ્રાન્સના પ્રેસિડન્ટ ઈમેન્યુઅલ મેક્રોને જણાવ્યું છે કે ૨૦૨૩ સુધીમાં ભારતના ૩૦ હજાર વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવશે. ફ્રાન્સના રાજદૂતે પાંચ વર્ષના શોર્ટ સ્ટે શેંગેન વિઝા માટે વાત કરી છે. તેમણે કહ્યું કે ભારતના સ્ટુડન્ટ ફ્રાન્સમાં એક સેમેસ્ટર વીતાવે તો પણ બંને દેશો વચ્ચે એક જોડાણ રચાશે. ભારતના જે સ્ટુડન્ટ માસ્ટર્સ અથવા તેનાથી ઉપરની ડિગ્રી ધરાવે છે અને ફ્રાન્સમાં ઓછામાં ઓછા એક સેમેસ્ટર ગાળ્યું હોય તેઓ પાંચ વર્ષના શોર્ટ ટર્મ શેંગેન વિઝા માટે લાયક ગણાશે. ભારતીય સ્ટુડન્ટ્સ માટે આ ખાસ જોગવાઈ કરવામાં આવી છે. ફ્રાન્સે તાજેતરમાં ભારતીય સ્ટુડન્ટને તક આપવા વિશે કેટલીક મહત્ત્વની વાતો કરી છે. જેમ કે તેઓ ભારતથી શક્ય એટલા યંગસ્ટરને લક્ષ્યમાં રાખીને વધુને વધુ સંખ્યામાં ફ્રાન્સ ભણવા આવે તેવી તેની યોજના છે. બીજા કોઈ પણ યુરોપિયન દેશની તુલનામાં ફ્રાન્સમાં અભ્યાસ માટે જવાનું વધારે સરળ કરવામાં આવશે. ફ્રાન્સ ભણવા જતા ભારતીય સ્ટુડન્ટ્સ મોટા ભાગે બિઝનેસ પ્રોગ્રામમાં એડમિશન લેતા હોય છે. આ ઉપરાંત એન્જિનિયરિંગમાં પણ ઘણા સ્ટુડન્ટને રસ પડે છે. તાજેતરમાં ફ્રાન્સ દ્વારા સ્ટુડન્ટને આકર્ષવા અને તેમને માર્ગદર્શન આપવા માટે દિલ્હીમાં એક કાર્યક્રમ યોજાયો હતો. તેમાં ટોચની ૫૦ યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. તેમાં ૨૨ બિઝનેસ અને મેનેજમેન્ટ સ્કૂલ તથા ૧૭ એન્જિનિયરિંગ કોલેજોનો સમાવેશ થાય છે. ગયા જુલાઈમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સની મુલાકાત લીધી હતી ત્યારે બંને દેશો વચ્ચે પાર્ટનરશિપ મજબુત બનાવવા અંગે વાતચીત થઈ હતી. તે સમયે જ ફ્રાન્સે પોતાની યોજના જણાવી દીધી હતી કે આગામી સાત વર્ષમાં તે શક્ય એટલા વધુ ભારતીય વિદ્યાર્થીઓને આમંત્રણ આપવા માટે તૈયાર છે.

# ભારતમાં UK સરકારના વિઝા સેન્ટર મારફત અરજી તમે કરી શકો છો

। નવી દિલ્હી, તા.૧૬ ।




મોટા ભાગના ભારતીયોએ યુકે જવું હોય તો તેના માટે ટુરિસ્ટ વિઝાની જરૂર પડે છે. માત્ર બ્રિટિશ પાસપોર્ટ ધારકો તથા યુકેના વેલિડ વિઝાધારકોને ટુરિસ્ટ વિઝાની જરૂર રહેતી નથી. ટુરિઝમ અથવા બિઝનેસના હેતુ માટે શોર્ટ ટર્મ વિઝા જોઈતા હોય તો યુકેના સ્ટાન્ડર્ડ વિઝિટર વિઝાની જરૂર પડે છે જેને યુકે ટુરિસ્ટ વિઝા પણ કહેવામાં આવે છે. ભારતથી દર વર્ષે હજારો લોકો ટુરિસ્ટ વિઝા પર યુકે જતા હોય છે. ભારતીય નાગરિકોએ યુકેના ટુરિસ્ટ વિઝા જોઈતા હોય તો શું કરવું તેની સંપૂર્ણ માહિતી અહીં આપી છે. તેમાં એપ્લિકેશનની પ્રોસેસથી લઈને બાકીની આખી પ્રક્રિયા સમજાવવામાં આવી છે. તમે ભારતમાં UK સરકારના વિઝા સેન્ટર મારફત અરજી કરી શકો છો. તેના માટે તમારી પાસે તમામ જરૂરી ડોક્યુમેન્ટ હોવા જરૂરી છે. વિઝા માટે આવશ્યક ડોક્યુમેન્ટમાં કેટલીક વખત ફેરફાર થતા હોય છે. તેથી યુકે સરકારની સત્તાવાર વેબસાઈટ પર નજર રાખો અને અપડેટેડ રહો. યુકેની કોઈ પણ ટ્રિપનું આયોજન કરતા અગાઉ સત્તાવાર વેબસાઈટ પરથી ટ્રાવેલ એડવાઈસ મેળવો. તમારા વિઝાનો આધાર તમારી નેશનાલિટી તથા તમે કેટલો સમય રોકાણ કરવાના છો તેના પર રહેશે. વિઝા ટાઈપના ગાઈડન્સ માટે પણ તમે યુકે સરકારની વેબસાઈટ જોઈ શકો છો. સૌથી પહેલા તમારે એપ્લિકેશન ભરવાની રહેશે, તમારા પાસપોર્ટ સહિતના જરૂરી ડોક્યુમેન્ટ સોંપવાના રહેશે. તેની સાથે તમારો ટ્રાવેલ પ્લાન, લેટેસ્ટ ફોટો તથા નાણાકીય સ્થિતિના પૂરાવા આપો. તમારા રિટર્ન ટ્રાવેલ અને યુકેમાં ક્યાં રોકાવાના છો તેના કાગળ પણ આપવા પડશે. કેટલાક લોકોને વિઝા એપ્લિકેશન સેન્ટરની મુલાકાત લેવાની જરૂર પડશે જ્યાં તમારે ફોટો અને ફિંગરપ્રિન્ટ આપવા પડશે જેને બાયોમેટ્રિક્સ કહે છે. વિઝાના પ્રકાર અને કેટલો સમય રોકાવાના છો તેના આધારે વિઝાની ફી પણ અલગ અલગ રહેશે.

**વિશેષ**

### સુરત જિલ્લાના મહુવા ગામ ખાતે ૩૦૦ વર્ષ જુનું માતા મહાલક્ષ્મી અને ખોડિયાર માતાજીનું ભવ્ય મંદિર

# ૭૭ વર્ષીય વયોવૃદ્ધ પ્રકાશચંદ્ર ભટ્ટ મંદિરની સારસંભાળ લઈ રહ્યા છે, તેમના વડવા પાંચ પેઢીથી મંદિરની સંભાળ રાખતા હતા


**૧૯૬૮ની રેલમાં મંદિર ડૂબી ગયા છતાં મંદિરમાં નુકસાન થયુ ન હતું: ગ્રામજનો અને રાજ્ય સરકારની સહાયથી વર્ષ ૨૦૦૮માં મંદિરનો જીર્ણોદ્ધાર કરાયો હતો**

સુરત જિલ્લાના મહુવા ગામ ખાતે પુર્ણા નદીના કિનારે માતા મહાલક્ષ્મી અને ખોડિયાર માતાજીનું ૩૦૦ વર્ષ જુનુ મંદિર આવેલું છે, જે ઈ.સ ૧૯૬૮મા આવેલી રેલમાં આખું ડૂબી ગયા છતાં મંદિરમાં ચમત્કારી રીતે કોઈ નુકસાન થવા પામ્યું ન હતું. વર્ષ ૨૦૦૮માં ગ્રામજનો અને સરકારની સહાયથી મંદિરનું પુનઃનિર્માણ કરાયું હતું. મંદિરમાં મહાલક્ષ્મી માતાજીની અંદાજિત ૩૦૦ વર્ષ જૂની મૂર્તિ પ્રસ્થાપિત છે, તેમજ ડાબી બાજુ ખોડિયાર માતાજી અને જમણી બાજુ અંબે માતાજીની નવનિર્મિત મુર્તિ પ્રસ્થાપિત છે. જેનો ઈતિહાસ મહુવા ગામમાં રહેતા ૭૭ વર્ષીય પ્રકાશચંદ્ર રમેશલાલ ભટ્ટે વર્ણવ્યો હતો. પ્રકાશભાઈના વડવાઓ પાંચ પેઢીથી મંદિરની સંભાળ રાખતા હતા.

મંદિરના ભવ્ય ઈતિહાસ વિષે પ્રકાશચંદ્રભાઈએ કહ્યું હતું કે, આ મંદિરનો ઉલ્લેખ મારા દાદાના દાદાના વેચાણખતમાં મળી આવ્યો છે. આ મંદિર મારા વડવાએ ૫ બાય ૫ની સાઈઝમાં બનાવી એમાં પૂજા-અર્ચના કરવાની શરૂઆત કરી હતી, અને આગળ પણ અમારી પેઢી દર પેઢી આ મંદિરની રક્ષા અને પૂજા ભક્તિ કરશે એવું વેચાણખતમાં મળી આવ્યું છે. જેથી મને આ મંદિરના ભવ્ય પૂનઃનિર્માણ કરવાની પ્રેરણા મળી હતી. ગ્રામજનો પાસે મેં મંદિરના પુનઃનિર્માણ માટે પ્રસ્તાવ મુક્યો હતો, જેમાં સૌ જોડાયા અને ગ્રામ પંચાયતના માર્ગદર્શન તેમજ સહાય દ્વારા મંદિરનો વર્ષ ૨૦૦૮માં જીર્ણોદ્ધાર થયો. ગ્રામપંચાયતના ઠરાવ અને જિલ્લા પંચાયતની ગ્રાન્ટમાંથી મંદિરના આજુબાજુ વિસ્તારને વિકસાવામાં આવ્યો છે.

આ મંદિરમાં અનેક લોકો માનતા માને છે, જેમનું કાર્ય સફળ થાય તે મંદિરે આવી પૂજા અર્ચના કરે છે. લોકોની બાધા-માનતા પુર્ણ થાય છે.





**ન્યૂઝ બ્રિફ**

## નવરાત્રીના પોસ્ટર પર વિધર્મી કલાકારોના ફોટા પર કાળી શાહી લગાડાઈ

। કચ્છ, તા.૧૬ ।

કચ્છના ભુજમાં બેનરમાં વિધર્મી કલાકારોના ફોટા પર કાળી શાહી લગાડવામાં આવી છે. જાહેર રસ્તા પર લાગેલા કોમર્શિયલ નવરાત્રીના બેનરમાં શાહી લગાડવામાં આવી. ભુજના મીરજાપર સહિતના વિસ્તારોમાં નવરાત્રી મહોત્સવનું આયોજન કરાયું છે. જેના બેનરમાં મુસ્લિમ ગાયક કલાકારોના બેનર પર કાળી શાહી લગાડાઈ છે. જો કે, કોણે શાહી લગાડી તે હજુ સામે આવ્યું નથી અને આ મામલે કોઈ પોલિસ ફરીયાદ નોંધાઈ નથી. વિધર્મીઓને ગરબામાં પ્રવેશ ન આપવા સાથે હવે નવરાત્રીના પોસ્ટર પર વિધર્મી કલાકારોના ફોટા પર કાળી શાહી લગાડવાની ઘટના સામે આવી છે. કચ્છના ભુજમાં બેનરમાં વિધર્મી કલાકારોના ફોટા પર કાળી શાહી લગાડવામાં આવી છે. જાહેર રસ્તા પર લાગેલા કોમર્શિયલ નવરાત્રીના બેનરમાં શાહી લગાડવામાં આવી. ભુજના મીરજાપર સહિતના વિસ્તારોમાં નવરાત્રી મહોત્સવનું આયોજન કરાયું છે. જેના બેનરમાં મુસ્લિમ ગાયક કલાકારોના બેનર પર કાળી શાહી લગાડાઈ છે.

## મોરબીની પોક્સો કોર્ટે આરોપી યુવાનને ૨૦ વર્ષની સજા ફટકારી

। મોરબી, તા.૧૬ ।

ગુજરાતમાં મોરબીની પોક્સો કોર્ટે ૨૦૨૧માં ૧૩ વર્ષની છોકરી સાથે રેપ કરીને પ્રેગનન્ટ બનાવનાર ૨૧ વર્ષના યુવાનને ૨૦ વર્ષની સજા ફટકારી છે. વિશેષ પોક્સો કોર્ટના જજ ડી.પી.મહિડાએ શનિવારે ધર્મેન્દ્ર મેડાને દોષી ઠેરવીને બાળકીના પરિવારને ૩ લાખ રૂપિયાનું વળતર આપવાનો સરકારને આદેશ આપ્યો છે. ફરિયાદી પક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે ૧૨ મૌખિક અને ૩૩ દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા.મધ્યપ્રદેશના ધાર જિલ્લાની વતની એવી આ બાળકીના માતા-પિતા મોરબી જિલ્લામાં ખેત મજૂરી કામ કરતા હતા. આરોપી છોકરીના પિતાના મિત્રનો સાળો હતો અને એક દિવસે તેણે લગ્ન કરવાનું વચન આપીને છોકરીને ભગાડીને લઈ ગયો હતો અને તેણે ઘણા શહેરોમાં ફરીને તેની સાથે રેપ કર્યો હતો. બાળકીના પિતાએ જ્યારે મિત્રે તેના સાળા વિશે પૂછ્યું ત્યારે તે ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો અને આખરે તેણે સાચું કહી દીધું અને સાથે છોકરી પાછી લાવવાનું પણ જણાવ્યું હતું જોકે થોડા દિવસ બાદ તેણે ફોન ઉપાડવાનું પણ બંધ કર્યું હતું.

## જર્મન બેઇઝ યુફિઝીઓ કંપની વલસાડને પોતાનું વડું મથક બનાવ્યુ

। વલસાડ, તા.૧૬ ।

વલસાડના યુવાન તુષાર ભગતે જર્મન આઈટી નિષ્ણાત હેલ્મટ ઓટો સાથે વલસાડમાં યુફિઝીઓ કંપનીની સ્થાપના કરી. શરૂઆતમાં એક નાનકડા ફ્લેટથી શરૂ થયેલી આ કંપની આજે તેમની ધરમપુર રોડની ભવ્ય કોર્પોરેટ ઓફિસમાં પરિણમી છે. આ સાથે તેમણે પોતાની સેવા ભારતથી વધારીને યુરોપ, અમેરિકા, આફ્રિકા અને એશિયા મળી કુલ ૮૦ દેશોમાં પોતાના ગ્રાહકો બનાવ્યા છે. યુફિઝીઓ એક વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમ બનાવતી આઈટી કંપની છે. તેમનું વ્હિકલ ટ્રેકિંગનું સોફ્ટવેર અન્ય કંપનીના સોફ્ટવેર કરતાં એટલું સચોટ અને એડવાન્સ છે કે, ભારતના અનેક રાજ્યોની સરકાર વિવિધ ક્ષેત્રમાં તેનો ઉપયોગ કરી રહી છે. તેમના વ્હીકલ ટ્રેકિંગ સોફ્ટવેર(વીટીએસ/જીપીએસ)નો ઉપયોગ અનેક રાજ્યોની પોલીસ, એમ્બ્યુલન્સ, તબિબિ સેવામાં થઈ રહ્યો છે. કેટલાક રાજ્યોમાં આ સિસ્ટમનો સફળ ઉપયોગ વેસ્ટ મેનેજમેન્ટ માટે અને રેલવેની વિવિધ સુવિધા માટે થઈ રહ્યો છે. જે તેમની મહત્વની ઉપલબ્ધી બની રહી છે. બસમાં મહિલાઓની સુરક્ષા માટે તેમના દ્વારા એક રાજ્ય સાથે તેમની બસ સુવિધામાં અનોખું સોફ્ટવેર નાખ્યું છે. જેમાં કેમેરા તેમજ આપ ાતકાલિન સ્વીચ અને લોકેશન ટ્રેકિંગ સાથે સોફ્ટવેર કામ કરશે.



નવરાત્રિના પ્રથમ નોરતે ગરબા ગાઈ રહેલ ખેલૈયાઓ.

### કાવેરી ઇન્ટરનેશનલ-એક્ઝોટિકા સ્કૂલ વિવાદમાં

## મહેસાણામાં ધોરણ ૬, ૭ અને ૮ના પેપર ફૂટ્યાનો મામલો સામે આવ્યો

। મહેસાણા, તા.૧૬ ।

પેપર ફૂટવા મામલે સરકાર સૌથી વધુ લોક રોષનો સામનો કરી રહી છે, છતાં આ સિલસિલો અટકવાનું નામ લેતો નથી. તેવામાં મહેસાણાની કાવેરી ઈન્ટરનેશનલ-એક્ઝોટિકા સ્કૂલ વિવાદમાં આવી છે. જેમાં ધોરણ ૬, ૭ અને ૮ના પેપર ફુટ્યા હોવાનું સામે આવતા મામલો ઉગ્ર બન્યો છે. બંને શાળાઓમાં અલગ-અલગ તારીખે એક જ સરખા પેપર ફૂટ્યાંનો દાવો કરવામાં આવી રહ્યો છે. અલકેશ પટેલ નામના વ્યક્તિએ આ પેપર ફોડ્યા હોવાનાં પણ નામ જોગ ધગધગતા આરોપ લાગતા ખળભળાટ મચી ગયો છે. કાવેરી ઈન્ટરનેશનલ અને એક્ઝોટિકા સ્કૂલના પેપર ફૂટ્યા હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. કાવેરી સ્કૂલના પેપર થોડા દિવસ બાદ એક્ઝોટિકામાં અપાયા હોવાથી બંનેના પેપર એક જ સરખા હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. અરજદારે દાવો કર્યો છે કે બંને શાળામાં અલગ-અલગ તારીખે એક સરખા જ પેપર લેવાયા છે. હવે આ મામલે સમગ્ર પંથકમાં ખુબ ગાજી રહ્યો છે. શાળાઓનું પરિણામ ઊંચું લાવવા પેપર એક સરખા કાઢતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારે અરજદારે જિલ્લા પ્રાથમિક શિક્ષણ, જિલ્લા શિક્ષણ અને કલેક્ટરને અરજી કરીને તપાસની માંગણી કરી છે. કારણ કે શાળાઓ પોતાનું પરિણામ ઉંચુ લાવવા માટે અને વિદ્યાર્થી-વાલીઓને પોતાના તરફ આકર્ષવા માટે પેપરકાંડ કૌભાંડ જેવા ષડયંત્રો કરે છે.

### સિંહદર્શન માટે તૈયાર કરાયેલી ૭ જીપ જપ્ત કરવામાં આવી

## સાસણમાં પ્રવાસીઓ માટે સિંહ દર્શન ખુલ્લુ મુકાયું, બુકિંગ આગામી ડિસેમ્બર સુધી ફૂલ

**સાસણમાં સિંહદર્શન માટે તૈયાર કરાયેલી ૭ જીપ જપ્ત કરવામાં આવી છે, બાવળા આરટીઓ દ્વારા ૭ નવી નક્કોર જીપ જપ્તકરાઈ છે**

। જૂનાગઢ, તા.૧૬ ।

એશિયાટિક સિંહોનું આજથી વેકેશન પૂર્ણ થઈ રહ્યું છે. એટલે કે આજથી એટલે કે ૧૬ ઓક્ટોબરના રોજ સાસણમાં પ્રવાસીઓ સિંહ દર્શન કરી શકશે. સાસણમાં સિંહ દર્શન માટે ઓનલાઈન બુકિંગ આગામી ડિસેમ્બર સુધી ફૂલ થઈ ગયું છે. પ્રવાસીઓ ઓફિશિયલ વેબસાઈટ પરથી પરમિટ બુકિંગ કરે છે. દર વર્ષે ૧૬ જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી ચાર મહિના સાસણ ગીર પ્રવાસીઓ માટે બંધ રહે છે. ચોમાસું અને વન્ય પ્રાણીઓના પ્રજનન કાળને લઈને પ્રવાસીઓ માટે સાસણ ગીરમાં પ્રવેશબંધી હોય છે. દર વર્ષે ગીરનું જંગલ ૧૫મી જૂનથી ૧૬મી ઓક્ટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ રહેતું હોય છે. છેલ્લી સીઝનમાં રેકોર્ડ બ્રેક સાડા સાત લાખ પ્રવાસીઓએ સાસણ ગીર જંગલ સફારીની



મુલાકાત લીધી હતી. દિવાળીના તહેવારમાં સામાન્ય રીતે સાસણમાં પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટે છે. ત્યારે પ્રશાસન તરફથી પણ તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. સાસણમાં સિંહદર્શન માટે તૈયાર કરાયેલી ૭ જીપ જપ્ત કરવામાં આવી છે. બાવળા આરટીઓ દ્વારા ૭ નવી નક્કોર જીપ જપ્ત કરાઈ છે. જીપ મોડીફાઈ કરાઈ હોવાના કારણે જપ્ત કરવામાં આવી છે.

**પૂર્ણા રિવરફ્રન્ટ પ્રોજેક્ટ હાલ ખોરંભે ચડ્યો**

## નવસારીનો રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અટવાઈ પડ્યો

। નવસારી, તા.૧૬ ।

નવસારી શહેરને રિવરફ્રન્ટ મળવાનું સ્વપ્ન અધૂરૂં જ રહ્યું છે. રાજકીય ઈચ્છાશક્તિના અભાવે નવસારી શહેરને મળેલો રિવર ફ્રન્ટ અટવાઈ પડ્યો છે. પૂર્ણા નદીના કિનારે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ પ્રોજેક્ટ વર્ષોથી રખડી પડ્યો છે. ૨૦૨૦-૨૧ના વર્ષ દરમિયાન આ પ્રોજેક્ટ ચર્ચામાં રહ્યો હતો. અહીંની નવસારી- વિજલપોર નગરપાલિકાને પણ પ્રોજેક્ટ બનવાની આશા હતી. જેથી પાલિકાના ૨૦૨૧-૨૨ ના બજેટમાં તો પૂર્ણા રિવરફ્રન્ટ બનાવવા નગરપાલિકા સરકાર સાથે પ્રયત્ન કરશે એવી ઘષણા સુદ્ધા પણ કરી હતી. નવસારી શહેર માટે મહત્વનો ગણાતો પૂર્ણા રિવરફ્રન્ટ પ્રોજેક્ટ હાલ ખોરંભે ચડ્યો છે. નવસારી શહેર માંથી પસાર થતી પૂર્ણા નદીના કાંઠે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. રિવરફ્રન્ટ બનાવવા તત્કાલિન ધારાસભ્ય એવા પિયુષ દેસાઈએ ૬ વર્ષ પહેલા આ અંગે રજુઆતો કરી હતી. સરકારને પણ પ્રોજેક્ટ યોગ્ય લાગતા સ્થાનિક આર્કિટેક મારફત પ્રોજેક્ટની ડિઝાઈન પણ બનાવાઈ હતી.મહત્વનુ છે કે આ પ્રોજેકટ અંગે ૧૦ કરોડ જેટલો ખર્ચ માટેનો પણ અંદાજ મુકાયો હતો. જોકે છેલ્લા કેટલાક સમયથી આ પ્રોજેક્ટમાં કોઈ જ પ્રગતિ થઈ નથી અને હાલ ટલ્લે મુકાયો છે.

### સરકારી કર્મચારીઓ માટે દશેરા બનશે દિવાળી

## મોંઘવારી ભથ્થાના વધારાની જાહેરાત કરવામાં આવી શકે છે

**મોંઘવારી ભથ્થાને છેલ્લે ૨૪ માર્ચ, ૨૦૨૩ના રોજ રિવાઇઝ કરાયું હતું, જેને ૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજથી લાગુ કરી દેવામાં આવ્યું હતું**

। ગાંધીનગર, તા.૧૬ ।

કેન્દ્ર સરકાર જલ્દી જ ૭માં પગારપંચ અંતર્ગત કેન્દ્રીય કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું અને પેંશનધારકો માટે મોંઘવારી રાહતમાં વધારાની જાહેરાત કરવાની તૈયારી કરી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સરકાર દશેરા સુધીમાં DAમાં વધારાની જાહેરાત કરી શકે છે. જેથી દિવાળી પહેલાં ઓક્ટોબરની સેલરીમાં કર્મચારીઓને વધેલું DA મળી શકે. રિપોર્ટ્સ અનુસાર, DAમાં ૪ ટકા વધારાની જાહેરાત થઈ શકે છે. જોકે, છેલ્લો નિર્ણય સરકારની મંજૂરી પર નિર્ભર કરે છે. જો સરકાર DAને ૪ ટકા વધારે છે, તો DA હાલના ૪૨ ટકાથી વધીને ૪૬ ટકા થઈ શકે છે. જોકે, એવી શક્યતાઓ છે કે સરકાર ૬૭માં ૩ ટકા સુધી વધારો કરી શકે છે, જેથી DA ૪૫ ટકા થઈ જશે. જણાવી દઈએ કે DAમાં થનારો આ વધારો ૧ જુલાઈ, ૨૦૨૩થી લાગૂ ગણાશે. જેને લઈને કર્મચારીઓને જુલાઈથી સપ્ટેમ્બર એમ કુલ ૩ મહિનાનું DA એરીયર મળશે. આ જાહેરાતથી ૪૭ લાખ કર્મચારીઓ અને ૬૮ લાખ પેંશનધારકોને સીધો ફાયદો થશે. ઘણા કર્મચારીઓ DAમાં ૪ ટકા વધારાને ધ્યાનમાં રાખીને ગણતરી કરવા લાગી ગયા છે કે ઓક્ટોબર મહિનામાં તેમને કેટલી સેલરી મળશે. જે કર્મચારીનો માસિક પગાર ૫૦ હજાર રૂપિયા છે અને તેની બેસિક સેલરી ૧૫ હજાર રૂપિયા છે, તેમને હાલ ૬૩૦૦ રૂપિયા DA મળે છે, જે મૂળ પગારના ૪૨ ટકા છે. જો DAમાં ૪ ટકા વધારો થશે, તો સેલરીમાં DA વધીને માસિક ૬૯૦૦ રૂપિયા થઈ જશે. એટલે કે



સેલરીમાં ૬૦૦ રૂપિયાનો વધારો થશે. જો કોઈનો માસિક પગાર ૫૦ હજાર રૂપિયા છે અને તેની બેસિક સેલરી ૧૫ હજાર રૂપિયા છે, તો તેની સેલરીમાં માસિક ૬૦૦ રૂપિયાનો વધારો થશે. વધારવામાં આવનારું DA ૧ જુલાઈથી મળશે, એટલે કે જો તમારા પગારમાં માસિક ૬૦૦ રૂપિયાનો વધારો થશે, તો સેલરીમાં ૩ મહિનાનું DA એરીયર પણ મળશે. આમ સેલરીમાં ઓક્ટોબર મહિનાનું DA પણ ઉમેરી દેવામાં આવે તો ઓક્ટોબરની સેલરીમાં ૨૪૦૦ રૂપિયા વધુ મળશે. ત્યારે આ ખુશખબરથી કેન્દ્રીય કર્મચારીઓ અને પેંશનધારકોની દિવાળી સુધરી શકે છે. હાલ ૧ કરોડથી વધારે પેંશનર્સ અને કેન્દ્રીય કર્મચારીઓને ૪૨% મોંઘવારી ભથ્થું મળે છે. મોંઘવારી ભથ્થાને છેલ્લે ૨૪ માર્ચ, ૨૦૨૩ના રોજ રિવાઈઝ કરાયું હતું, જેને ૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજથી લાગુ કરી દેવામાં આવ્યું હતું. આ દરમિયાન સરકારે મોંઘવારી ભથ્થામાં ૪% વધારો કરવાની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દર વર્ષે બે વખત મોંઘવારી ભથ્થામાં વધારો કરી રહી છે. જાન્યુઆરીથી જૂનમાં એકવાર અને જુલાઈથી ડિસેમ્બરમાં ફરી એકવાર ડીએમાં વધારો થશે. ડીએ દર વર્ષે બે વાર વધે છે. તે મુજબ કર્મચારીઓના વેતનમાં પણ વધારો થશે.

## ઝાલોદ તાલુકાના લીમડી મુકામે ધારાસભ્ય મહેશ ભૂરિયાની આગેવાની હેઠળ અમૃત કળશ યાત્રા યોજાઇ

। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૬ ।

૧૬ ઓક્ટોબર સોમવારના રોજ તાલુકા કક્ષાનો "મારી માટી મારો દેશ"અંતર્ગત૧૩૦-ઝાલોદ વિધાનસભા લીમડી જીલ્લા પંચાયત સીટના લીમડી નગર ખાતે અમૃત કળશ રથયાત્રા યોજવામાં આવી હતી જે લીમડી નગરમા ફેરવી બી. પી. અગ્રવાલ હાઈસ્કૂલ લીમડી ખાતે આ કાર્યક્રમનુ સમાપન કરવામાં આવ્યું.



જેમા વિશેષ ઉપસ્થિતિમાં ૧૨૯- ફતેપુરાના ધારાસભ્ય રમેશ કટારા, ૧૩૦-ઝાલોદ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભુરીયા, ઝાલોદ તાલુકા વિકાસ અધિકારી શર્મા, ભાજપા અગ્રણી મુકેશ કણૉવટ, મુકેશ બંમ, જીલ્લા પંચાયતના સભ્યો, કૃષ્ણરાજ ભુરીયા, સુનિલ હઠીલા,ભાજપા જીલ્લા સંગઠનના હોદ્દેદારો, તાલુકા પંચાયતના ઉપ પ્રમુખ નિશા નિનામા, કારોબારી સમિતિના અધ્યક્ષ નિલેશ પરમાર, તેમજ પૂર્વે તા. પં. સભ્ય અને ભાજપા ઉપ પ્રમુખ ઝાલોદ તાલુકો તેમજ લીલવાઠાકોર ગ્રામ પંચાયત ઉપ સરપંચ મુકેશ ખાંગુડા તેમજ, તાલુકા પંચાયત સભ્યો તમામ પંચાયતના સરપંચો, કાયૅકતાૅઓ તેમજ લીમડી નગર માંથી તમામ વેપારી ભાઈ બહેનો તેમજ નગરજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ૧૭ થી ૨૦ ઓક્ટોબર સુધી ભુજ-સાબરમતી-ભુજ સ્પેશિયલ ટ્રેન રદ રહેશે

। અમદાવાદ, તા.૧૬ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ વિરમગામ સેક્શનમાં છારોડી-જખવાડા સ્ટેશનો વચ્ચે વિરોચનનગર સ્ટેશન ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ (GCT) સાથે કમિશનિંગનું સંબંધમાં બ્લોકને કારણે ભુજ સાબરમતી ભુજ વિશેષ ટ્રેન રદ રહેશે. જે નીચે મુજબ છે:

૧૭ ઓક્ટોબર ૨૦૨૩ થી ૨૦ ઓક્ટોબર ૨૦૨૩ સુધી ટ્રેન નંબર ૦૯૪૫૬/૦૯૪૫૫ ભુજ-સાબરમતી-ભુજ સ્પેશિયલ ટ્રેન રદ રહેશે.

ટ્રેનોના રોકાણ, સમય અને સંરચના ના સંબંધમાં વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## રાજકોટમાં લેઉવા અને કડવા પાટીદારમાં ટિકિટ મુદ્દે ખેંચતાણ

। રાજકોટ, તા.૧૬ ।

લોકસભાની ચૂંટણી પહેલા રાજકોટ ભાજપમાં ટિકિટ મુદ્દે મથામણ શરૂ થઈ ગઈ છે. લેઉવા અને કડવા પાટીદારમાં ટિકિટ મુદ્દે ખેંચતાણ શરૂ થઈ છે. લેઉવા પટેલમાં નરેશ પટેલ અને ભરત બોઘરાના નામની ચર્ચા તેજ બની છે. જ્યારે કડવા પાટીદારમાં મૌલેશ ઉકાણી અને બ્રિજેશ મેરજાના નામની ચર્ચા ચાલી રહી છે. મહત્વનું છે કે ગઈકાલે સી.આર.પાટીલે મૌલેશ ઉકાણીને રાજકોટથી લડવાની ઓફર કરી હતી. જોકે, મૌલેશ ઉકાણીએ રાજકારણમાં આવવાનો ઈનકાર કર્યો હતો. સી.આર પાટીલના નિવેદન બાદ મોહન કુંડારિયાની ટિકિટ કપાવાની સંભાવના છે. રાજકોટમાં કડવા અને લેઉવા પાટીદાર સમાજે ટિકિટ માટે અત્યારથી જ લોબિંગ શરૂ કર્યું છે. ગતરોજ રાજકોટ ખાતે થેલેસેમિયાગ્રસ્ત લોકોને રક્ત પૂરૂ પાડવા રક્તદાન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ પણ હાજર રહ્યા હતા. રાજકોટ ખાતે વિશ્વબંધુ રક્તદાન મહોત્સવમાં પહોંચેલા સી.આર પાટીલે નિવેદન આપ્યું હતું કે, એક ચર્ચા એવી છે કે મૌલેશભાઈને લોકસભામાં લઈ જવાના છે. મૌલેશભાઈ આવતા હોય તો જરૂર લઈ જઈએ. ત્યારે સી.આર પાટીલના લોકસભાના નિવેદન મામલે મૌલેશ ઉકાણીએ કહ્યું હતું કે, 'મારો રસ્તો દ્વારકાનો છે, મારે ગાંધીનગર કે દિલ્હી જવું નથી. મને ઓફર આપી તે બદલ સી.આર પાટીલનો આભાર. પરંતુ મારું કામ લોકસેવાનું છે નહીં કે રાજકારણ કરવાનું.

## ૨૦૦૦ની નોટ બદલવા RBI પર લાંબી કતાર લાગી

। અમદાવાદ, તા.૧૬ ।

શું તમારી પાસે હજુ પણ ૨૦૦૦ની નોટો પડી રહી છે? ક્યાંય પાકીટમાં, કબાટમાં કે પોટલીમાં નોટો છુપાવીને રાખી હોય તો કાઢી નાંખજો. આરબીઆઈએ નોટો જમા કરાવવા માટે આપ્યો છે વિકલ્પ. અગાઉ ૭ ઓક્ટબરે બે હજારની નોટો જમા કરાવવાની છેલ્લી તારીખ અપાઈ હતી. જોકે, આરબીઆઈએ હજુ પણ નોટો જમા કરાવવા વિકલ્પ આપ્યો છે. આજે અમદાવાદના આશ્રમ રોડ પર આવેલી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પર સુરત, વડોદરા, રાજકોટ સહિત રાજ્યભરમાંથી લોકો નોટો બદલવા માટે ઉમટી પડ્યાં હતાં.બેંકની બ્રાન્ચમાં નોટ બદલવાની તારીખ ૭ ઓક્ટોબર આપ વામાં આવી હતી. લોકો સુરત, બરોડા,



ભરૂચ, રાજકોટ સહિતના ગુજરાતના વિવિધ શહેરોમાંથી લોકો અમદાવાદના આશ્રમ રોડ પર આવેલી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પર ૨૦૦૦ની નોટ બદલાવવા પહોંચ્યા હતા. રાજ્યની આરબીઆઈની ૧૯ શાખાઓમાં જઈને લોકો આ નોટ બદલાવી શકશે.લોકો દૂર દૂરથી અહીં નોટો બદલાવવા માટે અહીં આવી રહ્યાં છે. તેથી નોટો બદલવા માટે દૂર દૂરથી લોકો નોટોની થેલીઓ ભરી ભરીને અમદાવાદની આરબીઆઈમાં દોડી આવ્યાં હતાં. ભારે તડકાની વચ્ચે પણ લોકો લાંબી લાંબી કતારોમાં ઉભા રહ્યાં હતાં.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨